આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- ○ વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- ○ Publication 2nd of Every Month

# ઘરશાળા

સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૪ • અંક : ૧

સળંગ અંક : ૧૦૦૧

એપ્રિલ-૨૦૨૪



**સરસ્વતી વિદ્યામંડળની આગવી પ્રણાલિકા મુજબ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની શાળાઓમાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો વિનિત વિદાય કાર્યક્રમ યોજાયો. જેમાં વિભાગીય વડાઓએ સૌ વિદ્યાર્થીઓને પ્રેરણાદયક દીક્ષાંત પ્રવચન અને મહેમાનશ્રીઓએ શુભેચ્છા પાઠવી.**













# ઘરશાળા


વર્ષ : ૮૪

સળંગ અંક : ૧૦૦૧ એપ્રિલ - ૨૦૨૪



| | |
|---|---|
| **સ્થાપક તંત્રીઓ :** | **હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક** |
| **તંત્રીઓ :** | **જ્યોતીન્દ્રભાઈ દવે<br>રાજુભા ઝાલા** |
| **સહતંત્રી :** | **અશોકભાઈ સોમપુરા** |
| **વ્યવસ્થા અને સંકલન :** | **કે. ડી. પટેલ** |
| **પરામર્શ :** | **મૃદુલાબહેન ત્રિવેદી<br>અમિતાબહેન પાલખીવાલા** |

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**


**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


**-: ઘરશાળા કાર્યાલય સરનામું :-**

**સરસ્વતી વિદ્યામંડળ**
**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**
**ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭**
**મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩**


## અનુક્રમ


| | |
|---|---|
| પ્રાર્થના | મોરારી બાપુ/૪ |
| સંપાદકીય - ગુજરાતના છાત્રાલયો | અશોકભાઈ સોમપુરા/૫ |
| શિક્ષણ, ધર્મ, ધન અને માતા-પિતાની જવાબદારીઓ | - ડૉ. ભાણજી એચ. સોમૈયા/ ૭ |
| મિરેકલ મીલેટ્સ - રાગી | પાલખીવાલા અમિતા મનુભાઈ/૮ |
| સોનાનું પીંછું | માધવી આશરા/૧૫ |
| ઈતિહાસનું પાઠ્યપુસ્તક | મનુભાઈ પંચોળી/૧૭ |
| બાળશિક્ષણપ્રેમી - દંપતી (શ્રી જયંતભાઈ શુક્લ અને શ્રી દીનાબેન શુક્લ) | ઈશ્વર પરમાર/૧૯ |
| યમુનારાણી | સાભાર-કાકાસાહેબ કાલેલકરનું જીવન કાવ્ય/૨૯ |
| કેળવણીના કિનારે : શાળા-કોલેજનું પ્રવાસરૂપી ઘરેણું છીનવાઈ ગયું! | ડૉ. અશોક પટેલ/૩૨ |
| ક્રિકેટની ટર્મિનોલૉજીમાં નિહિત શિક્ષણની ટર્મિનોલૉજી | ડૉ. સંજય આર. તલસાણીયા/૩૩ |
| વિદ્યાર્થી આલમ | /૩૫ |
| સંસ્થા સમાચાર | /૩૯ |
| શિક્ષણ સમાચાર | - અશોકભાઈ સોમપુરા/૪૧ |



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

**લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.**

**-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-**
**બેંકનું નામ :- બેંક ઓફ બરોડા**
**ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક**
**આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)**

# પ્રાર્થના

પ્રાર્થનાની પ્રથમ ભાષા તો આંસુ જ છે. કાલીઘેલી ભાષામાં માણસ બોલે અને જો તેનાં નેણો ભીંજાયેલા હોય, તો સમજવું કે, શ્રી હરિના દરબારમાં તેની પ્રાર્થના પહોંચી ગઈ છે.

રવિવારનો દિવસ હતો. દેવળમાં બધા સવારની પ્રાર્થના કરવા ભેગાં થયાં હતાં. પાંચ વરસનો એક બાળક ખૂણામાં ઊભો ઊભો એક ચિત્તે પ્રભુને કંઈક પ્રાર્થના કરી રહ્યો હતો. પ્રાર્થનામાં આ બાળકને આટલો એકાગ્ર જોઈને પાદરીને આશ્ચર્ય થયું. પ્રાર્થના પૂરી થઈ એટલે પેલા બાળકનો પ્રેમથી હાથ પકડીને પાદરીએ પૂછ્યું : ''બેટા, શું કરતો હતો?''

બાળકને નિખાલસતાથી કહ્યું, ''ફાધર, પ્રાર્થના કરતો હતો.'' પાદરીને નવાઈ લાગી - આટલી નાની ઉંમરમાં પ્રાર્થના? પ્રાર્થનામાં તું પ્રભુ ને શું કહે છે?

બાળક નિર્દોષભાવે બોલ્યો : ''મારી બા મને દર રવિવારે પ્રાર્થના માટે મોકલે છે. હું પ્રાર્થનામાં આખી એ - બી - સી - ડી ત્રણ વખત બોલી જાઉં છું અને કહું છું હે પ્રભુ! આમાંથી તને જેવી ગમે તેવી પ્રાર્થના તુ બનાવી લેજે!''

ઈશ્વર તો સકલકલાગુણનિધાન છે. તેની આગળ વિદ્વતાની શી જરૂર? એની પ્રાર્થનાની ભાષા તો હૃદયના ભાવની અને આંખના આંસુની જ હોય.

**- મોરારી બાપુ**



# સંપાદકીય

અશોકભાઈ સોમપુરા

## ગુજરાતના છાત્રાલયો

હાલના ઘરશાળાના વાચકોને જણાવતા આનંદ થાય છે કે હરભાઈના ઘરશાળા માસિકનું ઉદ્દ્ગમ સ્થાન ''છાત્રાલય'' છે. ગઈ સદીના ત્રીજા દસકામાં હરભાઈએ હસ્તલિખિત આ માસિક શરૂ કર્યું હતું. છાત્રાલયની જરૂરિયાતનો ઈતિહાસ જોઈએ તો શાળાઓ અને શિક્ષણ સંસ્થાનો વ્યાપ માત્ર મોટા શહેરો અને કસબાઓમાં જ હતો. પરિણામે ગામડામાંથી આવતા વિદ્યાર્થીઓ માટે રહેવાની સગવડ હતી નહિ. પરિણામે શરૂઆતના વર્ષોમાં જ્ઞાતિના ધોરણે છાત્રાલયો કે બોર્ડિંગ શરૂ કરવાની વ્યવસ્થા જે તે સમયે ઊભી કરવામાં આવી. બોર્ડિંગ શબ્દ એ ખૂબ પ્રચલિત છે. તેની જાળવણીની વ્યવસ્થા સ્વૈચ્છિક રીતે જે તે જ્ઞાતિ કે સમાજના લોકો કરતા. આ વ્યવસ્થા આજે પણ થોડા સુધારા-વધારા સાથે પ્રચલિત છે.

આ સિવાય સમાજના ધનાઢ્ય અને પૈસાપાત્ર બાળકો માટે રેસિડેન્સીયલ સ્કૂલ, જેનું મૂળ અંગ્રેજોની પબ્લિક સ્કૂલમાં રહ્યું હતું. ગુજરાતમાં આવી પબ્લિક સ્કૂલો પ્રમાણમાં ઓછી, કારણ કે રાજા-રજવાડાઓ અને ધનાઢ્ય વર્ગના બાળકો અંગ્રેજોએ સ્થાપિત સિમલા, દેહરાદૂન કે અન્ય રમણીય સ્થળોમાં જતા. ગુજરાતમાં એક માત્ર રાજુકમાર કૉલેજ રાજકોટ છે.

આઝાદી પછી નઈ તાલીમ અને કેળવણીના ગાંધી વિચારને ધ્યાનમાં રાખી બુનિયાદી એટલે નઈ તાલીમ અને નિવાસી શાળાઓનું પ્રમાણ વધ્યું. આ શાળાઓની વ્યવસ્થા પાછળનો હેતુ એક નવા સમાજને શિક્ષિત અને દિક્ષીત કરવાનો હતો. નિવાસી શાળા દ્વારા સમૂહજીવનની કેળવણી આપવાનો હતો. જેમાં શ્રમ, મન અને મસ્તિષ્કની કેળવણીનો વિચાર કેન્દ્રમાં રહ્યો હતો. આ કેળવણી દ્વારા દેશના નાગરિકોનો સર્વાંગી વિકાસ થાય તે કેન્દ્ર સ્થાને રહ્યો હતો. તેમાં વધુ અગત્યનું માનવ મૂલ્ય વિકસે અને વિસ્તરે તે હતું. કોઈપણ વિકસિત સમાજ માટે આ વ્યવસ્થા ખૂબ જ જરૂરી અને પરિણામલક્ષી હતી. આ છાત્રાલયોમાં રસોઈથી માંડી ટોયલેટની સફાઈ સુધીના કામો વિદ્યાર્થી જાતે કરતા. નિવાસી શાળાની જમીનમાં બાગાયત અને ખેતીનું કૌશલ્ય પણ મેળવતા. સાથે સાથે આધુનિક ટેક્નોલૉજી અને વિજ્ઞાન બંનેમાં સમન્વય માનવ કલ્યાણ અર્થે થાય તેવી એક ભાવના આ સંસ્થાઓમાં રહેતી.

નવા બદલાતા પરિપ્રેક્ષ્યમાં આ સંસ્થાઓ તરફ સમાજ ઉપેક્ષિત રહ્યો છે. રાજ્યાશ્રમ ઉપર

નભતા આ છાત્રાલયો બહુ અસરકારક રહ્યા નથી. પરિણામે છેલ્લા બે દસકાથી એક નવી રેસિડેન્સીયલ સ્કૂલનો વ્યાપ વધ્યો છે. જેમાં શૈક્ષણિક દૃષ્ટિ ઓછી અને વેપારીકરણ વધુ છે. વાલીઓના મતે આવી શાળાઓનો મુખ્ય હેતુ આધુનિક સુવિધાને કારણે વિદ્યાર્થીનો વિકાસ ને સમાજમાં મોભો વધે તે રહ્યો છે. તે સાચા અર્થમાં છાત્રાલયો નથી પણ પેઇંગ ગેસ્ટહાઉસ છે. જેમાં કેટરરો રસોડું સંભાળે છે. ધંધાદારી પાર્ટટાઈમ શિક્ષકો વિષય શીખવાડે છે. રેસના ઘોડા તૈયાર કરવા માટેના નિષ્ણાત કોચ વિદ્યાર્થીઓને યોદ્ધા તરીકે તૈયાર કરે છે નાગરિક તરીકે નહિ. કિશોરાવસ્થાના તેમના પ્રશ્નોને સમજવાની કોશિશ થતી નથી. તેમને જોઈતી હૂંફ કે માર્ગદર્શન આ રેસિડેન્સીયલ સ્કૂલોમાં મળતા નથી. પરિણામ બાળક કુટુંબ અને સમાજથી અલગતાની લાગણી અનુભવે છે. એમના રસ-રૂચિ અને કૌશલ્યને બદલે ક્યારેક ઉપરથી લાદવામાં આવતી શિસ્તને કારણે બાળકમાં ક્યારેક ગુનાહિત વલણો પણ જોવા મળે છે.

સાચા અર્થમાં છાત્રાલયવાળી શાળાઓ અંગે વાલીઓ અને સમાજ જાગૃત નથી અને તે માટેના સંવેદનશીલ અને લાગણીશીલ ગૃહપતિઓ પણ નથી. પરિણામે કિશોરાવસ્થામાં વિદ્યાર્થીઓનું સાચું ઘડતર થતું નથી. શિક્ષણની આ સમસ્યા માટેનો ઉકેલ આપણે શોધવો જ રહ્યો.

❀ ❀ ❀

❀ કેળવણીમાં સ્વાતંત્ર્યની વાતો કરનારાઓને સ્વાતંત્ર્યના અર્થનો, સ્વાતંત્ર્યનાં પરિણામોનો કશો ખ્યાલ જ હોતો નથી.

❀

❀ પ્રેમ એટલો બધો વ્યાપ હોય છે કે તેના ગર્ભમાં તેનાં અનેક સ્વરૂપોને તે સમાવી દઈ શકે છે. એ બધાં સ્વરૂપોને મૂળમાં જે લાગણીઓનો પ્રવાહ વહેતો હોય છે. તે પ્રવાહ શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે વહેવો જોઈએ.

❀

❀ વિદ્યાર્થીનું જીવન શિક્ષકોના અનુભવ ઉપર નહિ પરંતુ તેમના પોતાના અનુભવ ઉપર ઘડાવું જોઈએ.

❀ જ્યાં સુધી વિદ્યાર્થીઓને આપણામાં સાચી શ્રદ્ધા પેદા ન થઈ હોય, ત્યાં સુધી પોતાનું એક પણ રહસ્ય આપણને કહેતા નથી તેમ આજે હું મારા અનુભવથી કહી શકું છું.

❀ ❀ ❀

**- હરભાઈ ત્રિવેદી**

# શિક્ષણ, ધર્મ, ધન અને માતા-પિતાની જવાબદારીઓ

**- ડૉ. ભાણજી એચ. સોમૈયા**

પીઅર્સ જે. હાર્વર્ડ વિશ્વ સ્તરના માઈન્ડ પાવરના સંશોધક અને લેખક છે. તેઓ જણાવે છે કે, ''માતા-પિતાએ પોતાના સંતાનોની યોગ્યતા મુજબ સારામાં સારું વાતાવરણ આપવાનો પ્રયાસ કરવો જોઈએ, જેથી તેઓની બુદ્દિનો વિકાસ થાય. સંતાનોને બાળપણથી જ પોતાની જાત પર કાબૂ રાખતા માતા-પિતાએ શીખવવું જોઈએ. તેઓને હિંમત આપવાનું અને તેના યોગ્ય ગુણોની પ્રશંસા કરી તેઓમાં શિસ્તનું સિંચન કરવું જોઈએ.''

આજના સમયે માતા-પિતાએ ધર્મ અને ધનના સમન્વય સંદર્ભે પણ પોતાના સંતાનોને પ્રેરવા જોઈએ. કારણ કે જીવનમાં ધર્મ અને ધનના મિલનથી જિંદગી ધન્ય, સફળ, દિવ્ય અને ભવ્ય બને છે. ધર્મ અને ધનના સમન્વયમાં શિક્ષણ, શીલ, સંસ્કાર, શિસ્ત, સંયમ, સદાચાર અને સેવા સઘળું આવી જાય છે. સાચા અર્થમાં શીલ, સદાચાર, સેવા અને માનવીય મૂલ્યોની સમજ અને આચરણ કરવું - કરાવવું એ શિક્ષણનો મૂળ ધ્યેય છે.

વાસ્તવિક જીવનમાં ધર્મ અને ધન એ અનિવાર્ય પરિબળો છે. જીવનમાં ધર્મ કે ધનની વચ્ચે સમતોલન હોવું જ જોઈએ. ધર્મ એ માનવ જીવનની આધારશીલા છે તો ધન એ જીવનનો આધારસ્તંભ છે. ધર્મ અને ધન એક સાથે પરસ્પર ગાઢ જોડાયેલા છે. જીવાતું જીવન એ રેલવેના ટ્રેક જેવું છે; જે સાથે સાથે ચાલે તો જ મંઝિલને હાંસિલ કરી શકીએ. જીવનમાં ધર્મ આચરણ કે ધનનો અભાવ હોય તો સાચા અર્થમાં જીવતર સફળ થતું નથી.

ધર્મ અને ધન એ માનવજીવનના મહાન, સત્ય, તત્વ અને તથ્ય છે. ધર્મ અને ધનનો સુમેળ સમન્વય માનવજીવનને વૈચારિક, માનસિક, શૈક્ષણિક, પારિવારિક, વ્યાવસાયિક, સામાજિક અને આધ્યાત્મિક ઊંચાઈઓ બક્ષે છે. જીવનમાં ધર્મ અને ધન હોવા એ આવશ્યક જન હીં પણ અત્યંત અનિવાર્ય છે. ધર્મ અને ધન મનુષ્યના મનમાં શાંતિનું સર્જન કરે છે, મનની શાંતિ જ સર્વસ્વ, સર્વોચ્ચ અને મુખ્ય છે. સમૃદ્ધિ, સંપત્તિ, સત્તા, સેવા, દેશસેવા, આનંદ, આરોગ્ય, પદ અને પ્રતિષ્ઠાનું સર્જન કરતા શીખવે એ જ સાચો ધર્મ અને સાચું ધન છે. ધર્મ અને ધનપ્રાપ્તિનું લક્ષ્ય માત્રને માત્ર નીતિ, નૈતિકતા, દેશદાઝ, નિઃસ્વાર્થતા, નિડરતા, કર્તવ્યનિષ્ઠા અને મૂલ્યપ્રતિષ્ઠા જ હોવું જોઈએ.

સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો, 'સાચો ધર્મ મનુષ્યના ઉપદેશ કે ધર્મગ્રંથોના વાંચનથી આવતો નથી. પરંતુ ધર્મના આચારણથી આવે છે. ભલા થવું અને ભલું કરવું એ જ સાચો ધર્મ છે.'

*(અનુસંધાન પૃષ્ઠ ૧૬ ઉપર)*

# મિરેકલ મીલેટ્સ - રાગી (Finger Millet)

- પાલખીવાલા અમિતા મનુભાઈ

નિસર્ગોપચારનો સિદ્ધાંત છે કે આહાર એ જ તમારું ઔષધ છે. પરંતુ આપણી કમનસીબી છે કે આયુર્વેદના જન્મસ્થાનવાળા દેશમાં આહારનું અજ્ઞાન વધુમાં વધુ છે. જંકફૂડ અને ફાસ્ટફૂડના આગમનથી આજે માનવીની આહારની ખોટી ટેવોનું વૈશ્વિકીકરણ થઈ ગયું છે. આજની પેઢીના નિસ્તેજ ચહેરા, દવાઓ પર નભતું જીવન વગેરેમાંથી મુક્તિ મેળવવા માટે તંદુરસ્ત જીવન જરૂરી છે અને સોનેરી નિયમ તો એ જ છે કે જ્યારે શરીરની તંદુરસ્તીની વાત આવે ત્યારે તમારે તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને શરીરને નુકસાન થાય તેવી વસ્તુનો સદંતર ત્યાગ કરવો જોઈએ.

યજુર્વેદમાં મોટા અનાજની ખેતી અને તેના વપરાશનો ઉલ્લેખ મળે છે. એટલું જ નહીં પણ સુશ્રુતે પોતાની સંહિતામાં (મેડિસીન અને સર્જરીને લગતી માહિતીનો સંગ્રહ કરતું પુસ્તક) અનાજનું જુદા જુદા વર્ગોમાં વર્ગીકરણ કર્યું છે. જેમાં ધન્ય વર્ગ, ખુધાન્ય વર્ગ અને શમીધાન્ય વર્ગ વગેરેનો સમાવેશ થાય છે. (સંસ્કૃત નામો છે.)

ધન્ય વર્ગ એ સિરીયલ પાક છે. ખાસ કરીને આમાં અળસી, લીલા ચણા, વાલ, રવો, સોયા ચન્ક, કૌર્નફ્લેક્સ (મકાઈ પૌંઆ) આ બધાનો સમાવેશ ધન્ય વર્ગમાં કરવામાં આવે છે. ખુધાન્ય વર્ગમાં નાના અને કડક દાણા ધરાવતા અનાજનો સમાવેશ કરવામાં આવે છે. ઘઉં, મકાઈ, ઑટ્સ અને વિવિધ પ્રકારનું જાડું અનાજ જેવા કે જુવાર, બાજરી, કોડો, ચેના, સામા, રાગી, જવ, કંગની વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. જ્યારે શમીધાન્ય વર્ગમાં ઔષધિય વનસ્પતિના જૂથનો સમાવેશ કરવામાં આવે છે. જેનો પરંપરાગત દવાઓ ઉપરાંત એસ્પિરીન, ક્વિનાઈન જેવી દવાઓ બનાવવામાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રાચીનકાળથી લઈને આજ સુધી અથર્વવેદ, ઋગ્વેદ અને સુશ્રુત સંહિતા અને ચરક સંહિતામાં આયુર્વેદિક દવામાં સેંકડો જડીબુટ્ટીઓ અને મસાલાનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે હળદર, ચંદન, આમલી, આંબળા, લસણ, આદુ, કોફી, તમાકુ, કોકો (જો કે કોફી, તમાકુ અને કોકો બીજી દિશામાં ગયા છે.) વગેરે. ચરક સંહિતામાં મહર્ષિ ચરક દ્વારા આનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

પરંતુ આપણી એ કમનસીબી છે કે ખુધાન્ય અનાજ (જાડુ, બરછટ) લાંબા સમયથી લોકોની થાળીમાંથી ગાયબ છે. જેનું પરિણામ એ છે કે વર્તમાનમાં અનેક બિમારીઓ લોકોને અસર કરી રહી છે. હવે ભારત સરકાર બાજરીના દાણાને ફરીથી પ્લેટમાં લાવવાનો પ્રયાસ કરી રહી છે. ભારતના પ્રસ્તાવ પર ૭૨ દેશોના સમર્થન બાદ સંયુક્ત રાષ્ટ્રે વર્ષ ૨૦૨૩ને

'આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ' તરીકે જાહેર કર્યું છે. ત્યારે ભોજન માટે જાગૃત થઈ ગયેલા સમગ્ર વિશ્વમાં બાજરી સંબંધિત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. એક તરફ રાજ્ય સરકારો ખેડૂતોને બરછટ અનાજ ઉગાડવા માટે પ્રેરિત કરી રહી છે, તો બીજી તરફ લોકોમાં તેને થાળી સુધી પહોંચાડવા માટે જાગૃતિ પણ લાવવામાં આવી રહી છે. જો કે વિશ્વમાં બાજરીની ૧૩ જાતો છે. નાના બીજવાળા ઘાસને બાજરીના સમૂહમાં અનેક રીતે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. નવી દિલ્હીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી 'આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ'ના એક મોટા સમારંભમાં મિલેટ્સનું (જાડાધાન) માહાત્મ્ય સમજાવતા હતા ત્યારે મિલેટની શ્રેણીમાં આવતા આ તમામ ધાન્યોને 'શ્રીઅન્ન' એવું નામાભિધાન કર્યું. કર્ણાટકમાં બાજરીને 'સિરિધાન્ય' કહેવામાં આવે છે. શ્રીઅન્ન મોટું અનાજ અથવા સુપરફુડ તરીકે પણ ઓળખવામાં આવે છે. સિરીધાન્ય અનાજના નાના દાણા છે. જેમાં રાગી (Finger Millet) કંગની (Foxtail Millet), કોદરા (Kodo), કુટકી (Little Millet), સામા (Barnyard Millet), ચેના (Proso Millet), જુવાર (Jowar) અને બાજરી (Pearl Millet) વગેરેનો સમાવેશ થાય છે. જો કે આ બધામાં હરી કંગની (Brown top Millet) સિરીધાન્ય મિલેટનો રાજા કહેવાય છે. જ્યારે કંગની (Fortail Millet) સિરીધાન્ય મિલેટનો રાજકુમાર કહેવાય છે. 'શ્રી' એટલે સૌંદર્ય, વૈભવ, સમૃદ્ધિ, શ્રેષ્ઠ, શાંતિ, તેજસ્વીતા. જે મુખ્યત્વે દેવતાઓ, વ્યક્તિઓ માટે માનનીય શીર્ષક તરીકે વપરાય છે. એટલે 'શ્રીઅન્ન'નો અર્થ પણ તમામ અનાજમાં શ્રેષ્ઠ એમ કહી શકાય. બીજા શબ્દમાં કહીએ તો શ્રીઅન્ન એટલે દેશના કરોડો લોકોના પોષણનો કર્ણધાર.

આ શ્રીઅન્નમાંથી આજે આપણે,

R for Ragi

R for Revolution (ક્રાંતિ)

પોષણના પાવર હાઉસ એવી રાગીની વાત કરીએ.

રાગી એ પ્રકારનું ધ્યાન છે જે દેખાવમાં સરસવના દાણા જેવું લાગે છે. તેનો રંગ ઘટ્ટ લાલાશ પડતો હોય છે. જ્યારે તે જમીન પર હોય છે ત્યારે ગુલાબી રંગની જ્યારે રંધાય છે ત્યારે જાંબલી રંગની બની જાય છે. ગુણવત્તા અને પોષકતત્ત્વોથી તે ખૂબ જ ભરપૂર છે. તે એક આદિવાસી ધાન છે. રાગી ઘેરા લાલથી લગભગ સફેદ રંગની હોઈ શકે. પણ આદિવાસી પ્રદેશમાં ઈંટ જેવા લાલ રંગની નાગલી લોકો વધુ ખાતા જોવા મળે છે. દેશના જુદા જુદા ભાગોમાં રાગીને જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે. રાજસ્થાનમાં તે નાચની, ગુજરાતમાં નાગલી, કર્ણાટકમાં મડુઆ, ગઢવાલમાં કોડા, હિમાચલ પ્રદેશમાં કોદરો, પશ્ચિમ બંગાળમાં મારવા જ્યારે કન્નડમાં 'રેડ મિલેટ' તથા અંગ્રેજી ભાષામાં તેને Finger Millet કહે છે. ભારતમાં આપણા પ્રાચીન સંસ્કૃત લેખકોએ તેને 'રજિકા' (Rajika) તરીકે

વર્ણવી છે. તેનું વૈજ્ઞાનિક નામ Elesine Coracanna છે. અમેરિકામાં તે ઘણીવાર 'બર્ડ સીડસ' તરીકે વપરાય છે.

રાગી આફ્રિકા અને એશિયાના અર્ધશુષ્કથી શુષ્ક પ્રદેશોમાં ઉગાડવામાં આવતું એક મોટું અથવા જાડુ અનાજ છે. આફ્રિકાના પૂર્વીય અને દક્ષિણ ભાગોમાં આની ખેતી વિશેષ છે. યુગાન્ડા, કેન્યા, કોંગો, લોકશાહી પ્રજાસત્તાક ઝિમ્બાબ્વે, ઝામ્બિયા, તાંઝાનિયા વગેરે વિસ્તારો રાગીની ખેતીના મુખ્ય વિસ્તારો છે. આ ઉપરાંત ભારત, નેપાળના કેટલાંક ભાગો તેમજ દક્ષિણ સુદાન અને આફ્રિકાના મોઝામ્બિકમાં (છેક દક્ષિણમાં) પણ રાગી ઉગાડવામાં આવે છે.

આલ્ફોન્સ ડી કેન્ડોલ્લેએ વર્ષ ૧૮૬૬માં જણાવ્યું હતું કે રાગી લગભગ ૩૦૦૦ વર્ષ પહેલાં ભારતથી આફ્રિકા આવી હતી. તેની ખેતી દક્ષિણ ભારતના કર્ણાટક રાજયમાં આવેલા બગલકોટ શહેરથી શરૂ થઈ હતી. આર્યો ભારત પહોંચે તે પહેલાં જ રાગીની ખેતી અહીં કરવામાં આવતી હતી. જ્યારે રશિયન વૈજ્ઞાનિક નિકોલાઈ બાવિલોને એ વર્ષ ૧૯૫૧માં પોતાના રસિર્ચમાં જણાવ્યું હતું કે રાગીનો જન્મ સૌ પ્રથમ આફ્રિકન દેશ ઈથોપિયામાં થયો હતો. ૧૯૬૩માં થયેલા સંશોધન પ્રમાણે રાગીનો ઉદ્‌ભવ આફ્રિકામાં થયો છે. ઈતિહાસકાર અય્યપા અનુસાર રાગીનો જન્મ પૂર્વ આફ્રિકન દેશ યુગાન્ડાના પહાડોમાં થયો હતો. અનેક મતમતાંતરો વચ્ચે એવું મનાય છે કે મૂળભૂત રીતે ઈથોપિયાના ઊંચા ક્ષેત્રોનો આ છોડ છે. જેને ભારતમાં લગભગ ૪૦૦૦ વર્ષ પહેલાં લાવવામાં આવ્યો હતો. અને હડપ્પયન સંસ્કૃતિમાં પુરાર્તત્વીય ખોદકામમાં પણ તે મળી આવેલ છે. ભારતમાં હિમાલય ઉપર લગભગ ૨૩૦૦ મીટરની ઊંચાઈ સુધી તથા નેપાળના હિમાલય પ્રદેશમાં પણ રાગીની વાવણી થઈ શકે છે. કારણકે પહાડો કે ઊંચાઈ ઉપર ઉગવામાં રાગી ખૂબ જ સમર્થ છે. દુષ્કાળ સહનશીલમાં આ પાક ઓછા પાણી અને ખૂબ જ ઓછા સંશોધનોથી પણ ઉત્તમ પરિણામ આપે છે. વળી તેની વિવિધ જાતોમાંથી કેટલીક જાતો ચોમાસામાં પણ ઉગાડી શકાય છે. દક્ષિણ ભારતમાં અને આફ્રિકાના પૂર્વ ભાગમાં નિર્વાહ કરનાર ખેડૂતોમાં તે એક મહત્ત્વપૂર્ણ પાક છે. પરંતુ ભારતમાં તે ઉપેક્ષિત છે. યુનાઈટેડ સ્ટેટસ્ નેશન્સ એકેડમી દ્વારા પ્રકાશિત અભ્યાસ 'ધ લોસ્ટ ક્રોપ્સ ઑફ આફ્રિકા'માં તેને 'સુપર ફૂડ' તરીકે જોવામાં આવ્યું છે. પણ ૧૯૯૬ સુધીમાં આફ્રિકામાં પણ રાગીની ખેતી ઝડપથી ઘટી રહી હોવાનું માલૂમ પડ્યું છે. તેના ઉત્પાદન માટે મોટી માત્રામાં શ્રમની જરૂર હતી. ખેડૂતો પોષણની દૃષ્ટિએ હલકી ગુણવત્તાવાળા પરંતુ ઓછા શ્રમસધન પાકો જેમ કે મકાઈ, જુવાર વગેરે ઉગાડવાનું પસંદ કરતાં હતાં. જો કે ભારતમાં (એશિયામાં) રાગી ઉપેક્ષિત હોવા છતાં પણ તેના ઉત્પાદનમાં આવો ઘટાડો જોવા મળ્યો નથી.

પોષકતત્ત્વોથી ભરપૂર આ ધાન ઘણા સ્વાસ્થ્ય લાભો પ્રદાન કરે છે. તેમાં આયર્ન, પ્રોટીન, ખનિજ, ફાઈબર, ફોસ્ફરસ, પોટેશિયમ, કાર્બોહાઈડ્રેટ વગેરેનું પ્રમાણ વિપુલ માત્રામાં છે. આથી નાના બાળકોથી મોટી ઉંમરના કોઈપણ લોકો રાગીનો સલામત રીતે ઉપયોગ

કરીને તેના લાભો મેળવી શકે છે. રાગીમાં સલામત રીતે ઉપયોગ કરીને તેના લાભો મેળવી શકે છે.  રાગીમાં રહેલા પ્રોટીનની તુલના ચોખા સાથે થાય છે. તેમાં રહેલું મુખ્ય પ્રોટીન એલેયુસિનિન છે. જેનું ઉચ્ચ જૈવિક મૂલ્ય છે. એટલે કે તે સરળતાથી શરીરમાં સમાઈ જાય છે. રાગી પ્રોટીનનો સારો સ્રોત બની શકે છે. કારણ કે મેથિઓનાઈનની સામગ્રી લગભગ ૫% પ્રોટીન ધરાવે છે. રાગી અથવા તેના લોટમાં ચરબીનું પ્રમાણ ઓછું હોવાને કારણે મેદસ્વીતા જેવી અનિયમિતતાઓને મહાત કરવામાં તે ઉપયોગી બની શકે તેમ છે. તેનો વપરાશ ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે છે. કાર્ડિયોવાસ્ક્યુલર રોગને અટકાવે છે. તેમાં રહેલું મેગ્નેશિયમ લોહીમાં શર્કરાના સ્તરને પ્રમાણિત કરે છે. તેથી ડાયાબિટીસના દર્દીઓ માટે તે ખૂબ લાભદાયી છે. બાળકોના મગજના વિકાસ માટે પણ રાગી ફાયદાકારક છે. હાડકાં અને દાંતની ઘનતા અને આરોગ્ય જાળવવામાં કેલ્શિયમ એક મહત્ત્વપૂર્ણ ઘટક છે. ઑસ્ટીયોપોરોસિસ અથવા નીચા હિમોગ્લોબીન સ્તર ધરાવતા લોકો માટે રાગીનો ઉપયોગ ઉત્તમ છે. રાગીમાં ફાઈબરની માત્રા વધુ હોવાથી તે પચવામાં ધીમું રહે છે. પરિણામ સ્વરૂપે તેના ઉપયોગથી લાંબા સમય સુધી પેટ ભરેલું રહે છે. ઉપરાંત ફાઈબર આંતરડામાં રહેલા કચરાનો નિકાલ કરવામાં ખૂબ ફાયદો કરે છે. રાગીમાં કેન્સર વિરોધી ક્ષમતા પણ છે. તે કબજિયાત, ગેસ અને જઠરનું અલ્સર થવાની શક્યતાઓને પણ ઘટાડે છે. રાગી એન્ટીઓક્સિડન્ટમાં સમૃદ્ધ છે. તેમાં રહેલાં મેથિઓનાઈન અને લાઈસીન નામના એમિનો એસિડ રક્તની ખામીને દૂર કરી ત્વચાને ચમકીલી અને યુવાન બનાવવામાં મદદરૂપ થાય છે. અને વૃદ્ધાવસ્થાને રોકવામાં મહત્વપૂર્ણ છે. રાગીમાં મીઠું અને કોલેસ્ટ્રોલ નહીં હોવાથી હૃદયરોગ ધરાવતાં લોકો સલામત રીતે તેનો ઉપયોગ કરી શકે છે. વળી રાગીની વપરાશ શરીરને કુદરતી રીતે આરામદાયક રાખે છે. તેમાં રહેલું એમિનો એસિડ નર્વસ સિસ્ટમને સ્વસ્થ રાખે છે. તેથી ચિંતા, અનિંદ્રા અને હતાશા, તણાવ રાગીની વપરાશથી નિયંત્રિત કરી શકાય છે. કીડનીના રોગ માટે કે હિમોગ્લોબીનની ઉણપ ધરાવતા લોકો માટે રાગીનો દૈનિક આહારમાં ઉપયોગ ખૂબ જ ફાયદાકારક છે. આમ ખૂબ જ પોષક એવી રાગી શરીરને ડીટોક્સીસાઈડ કરી રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ખૂબ જ ઉપયોગી છે. માનવ સ્વાસ્થ્ય માટે અને કુપોષણને રોકવા માટે તે ખૂબ નિર્ણાયક પરિબળ છે. એટલું જ નહીં પણ તેની વરાળ ઢોર માટે પણ પોષણક્ષમ ખોરાક ગણાય છે. આયુર્વેદ અનુસાર રાગી તૂરી, કડવી, મધુર, લઘુ, બળકર અને શીતળ છે. અને પિત્ત તથા ત્રિદોષનો નાશ કરે છે. યુગાન્ડા અને દક્ષિણ સુદાનના લોકો દિવસમાં માત્ર એક જ વાર ભોજન લેતા હોવા છતાં પણ સ્વસ્થ શરીર ઔષ્ઠવ ધરાવે છે અને આનો શ્રેય તેઓ રાગીને આપે છે. રાગીમાં રહેલા આ પોષકતત્વોને કારણે જ વૈજ્ઞાનિકો તેને 'સુપરફૂડ' (Super food) કહે છે. જ્યારે

ઈતિહાસકારો તેને અદ્ભૂત અને અસરકારક કહે છે.

સંપૂર્ણ આહાર તરીકે ઓળખાતું આ ધાન્ય કુપોષણના વૈશ્વિક પ્રશ્ન સામે લડવા માટેનું તથા ગરીબીની સામે વાપરવાનું એક અસરકારક હથિયર બની શકે તેમ છે. જગતના જે વંચિતો છે એમને માટે ચાલતા પ્રોજેક્ટ-હંગરનો જવાબ પણ મિલેટ કહેતાં આ જાડા અનાજ રાગીમાં રહેલો છે. જળ-વાયુ પરિવર્તન અને પ્રદૂષણના પડકારો ઝીલવામાં આ લાલ ચંદનની ખેતી પૃથ્વીના રક્ષણનો મહાદ્વાર બની શકે તેમ છે.

ઉપરાંત રાગીનું ઉત્પાદન પણ આસાન છે. કારણ કે ક્ષારવાળી, ભેજવાળી, ગરમ હવામાનવાળી એમ કોઈપણ પ્રકારની જમીન પર ઉગાડી કાય છે. તેની ખેતામાં યુરિયા અને બીજા રસાયણોની જરૂર પડતી નથી. આમ કેમીક્લમુક્ત ખેતી હોવાથી તેનું ઉત્પાદન ખર્ચ ખૂબ જ નીચું છે. તો બીજી બાજુ પર્યાવરણ જાળવણી માટે પણ ખૂબ મહત્વની છે. ખેડૂતોની દૃષ્ટિએ જોઈએ તો રાગીનું ઉત્પાદન ખેડૂતોની સમૃદ્ધિના દ્વાર ખોલનાર છે. તેના ઉત્પાદનમાં ઓછા ખાતર, પાણી, દવાઓ અને સમયની જરૂર છે અને બિનઉપજાઉ અને શુષ્ક જમીનમાં પણ ઊગી જાય તેવું અનાજ છે. માટે ડીઝલ, ઊર્જા, સિંચાઈ, પાણી વગેરે પાછળ થતું હેક્ટરદીઠ ઉત્પાદનખર્ચ ઘટી જાય છે અને સમય, શક્તિ, નાણાં અને સાધનોને બચાવે છે. ઓછું કાર્બન ફૂટપ્રિન્ટ ધરાવે છે. રોપણીના લગભગ ૧૦૦ દિવસની અંદર તેની લણણી કરી શકાય છે. ઓછા સમયમાં વધુ આર્થિક ફાયદો કરાવી આપે તેવો આ પાક છે. વળી એકવાર તેનું ઉત્પાદન થઈ જાય પછી તેનો સંગ્રહ પણ ખૂબ જ આસાન અને સુરક્ષિત છે. તેના બીજ પરના છોતરા ખૂબ સખત હોવાથી રાગી ઉપર કોઈપણ પ્રકારના જંતુ કે ફૂદા હુમલા કરતા નથી. દક્ષિણ ભારતમાં તો અન્ન અને ઔષધ ઉદ્યોગોમાં માલ્ટ-નિષ્કર્ષનું ઉત્પાદન કરવા જવની અવેજીમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

આનંદ સિદ્ધાર્થની આ એક વાર્તા 'ચાવલ કે ઉપર રાગી' આપણને રાગીનું દીર્ઘાયુ અને અગત્યતાનો સામાજિક સંદેશ આપી જાય છે. રામધન્ય ચરિત્રમાં એમણે ચોખા અને રાગી વચ્ચે એક તર્કશીલ વર્ણન કર્યું છે. એમણે કહ્યું કે કોઈપણ અનાજ પોતાની ઉપયોગીતા અને શ્રેષ્ઠતા સાબિત કરી શકતું નથી. એટલે ચોખા અને રાગીમાંથી શું શ્રેષ્ઠ? એ માટે તેમણે ભગવાન રામને એ અંગેનો નિર્ણય લેવાનું કહ્યું. એમણે એ બંનેને છ મહિના માટે જેલ મોકલી દીધાં. થોડા મહિના પછી ચોખા સડવા લાગ્યા અને કઠોર રાગીનું અનાજ બચી ગયું. અને રામના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. આમ આ સંદેશ દ્વારા તેઓ દર્શાવે છે કે જાડુ અનાજ હલકું હોતું નથી.

રાગી-સ્વાદિષ્ટ ઉપરાંત પોષકતત્ત્વોના પાવર હાઉસ સાથે પર્યાવરણીય મિત્રના આટલા બધા ફાયદા હોવાથી જ પ્રાચીનકાળથી આપણા પૂર્વજોની થાળીનો એક મુખ્ય હિસ્સો રહેવા પામ્યો છે. ૧૬મી સદીની શરૂઆતમાં કન્નડ કૃષિ કરસનદાસે પોતાની રચના રામધન્ય ચરિત્રમાં રાગીને ગરીબ અને નિર્બળ વર્ગના

લોકોના અનાજ તરીકે દર્શાવ્યું છે. એ સમયે રાગીએ ચોખાના વિકલ્પ તરીકે બીજા અનાજોની સાથે પોતાની જગ્યા બનાવી અને સમાજને તંદુરસ્ત અને શક્તિશાળી બનવાનો સંદેશ આપ્યો. જો કે હરિયાળી ક્રાંતિમાં ખેતીના આધુનિક સાધનોની મદદથી ઘઉં, ચોખા જેવા અનાજના વિપુલ ઉત્પાદનથી આપણે અંજાઈ ગયા અને ભરપૂર ખૂબીઓવાળા મોટા અનાજને ભૂલાવી દીધું.

રાગીમાં આટલા બધા પોષક, પર્યાવરણીય અને આર્થિક લાભો હોવા છતાં પણ તે આપણા મુખ્ય ખોરાકમાંથી અદૃશ્ય કેવી રીતે થઈ ગઈ? એ ઘઉં અને ચોખા વપરાશ જેટલી પ્રખ્યાત કે પસંદગીયુક્ત કેમ ના રહી?

**यह रागी हुई अभागी क्यों ?**

**चावाल की किस्मत जागी क्यों ?**

**जो ज्वार जमी जन मानस में,**

**गेहूँ डर के भागी क्यों ?**

જો કે એ માટે આહારની પદ્ધતિ, સંસ્કૃતિ, આપણી જટિલતા અને ઘણાં બધા બીજા કારણો પણ જવાબદાર હોઈ શકે. પરંતુ તે બધામાં આપણા આહારમાં પશ્ચિમી દેશોનું અનુકરણ અને રાગીના ઉત્પાદન માટેની સરકારની નીતિ કારણભૂત હોઈ શકે છે. લોકોને એવું અનાજ જોઈએ છે કે જેમાંથી બ્રેડ સરળતાથી બની શકે. પરંતુ રાગીમાં નત્રિલ દ્રવ્યોનો (gluten property) અભાવ હોવાથી તે બ્રેડ બનાવવાનો યોગ્ય વિકલ્પ નથી. તેથી લોકો ચોખાની વપરાશ તરફ વધુ વળી ગયા, કે જે સરળતાથી રાંધી શકાય છે અને સાથે પોષક પણ છે. વળી ઘઉં અને ચોખાએ સૂક્ષ્મ અનાજ તરીકે સ્થાપિત થઈને ગૌરવ પણ પ્રાપ્ત કર્યું છે. આથી જ ઘઉં અને ચોખાની સરખામણીમાં રાગીનું ઉત્પાદન ઓછું થાય છે. બીજું રાગી પૌષ્ટિક, સ્વસ્થ, મહત્ત્વનું અને આસાનીથી સંગ્રહી શકાય તેવા ગુણો ધરાવતું અદ્ભૂત ધાન છે. છતાં પણ તેને ગરીબ લોકોના ખોરાક તરીકે જ સ્થાન મળ્યું છે અને દુષ્કાળના સમયના અનાજ તરીકે નીચું કે હલકું જ ઓળખાયું. આથી જ દૈનિક આહારમાં તે પ્રસિદ્ધિ પામી શક્યું નહીં.

જો કે રાગીમાંથી વિવિધ પ્રકારની વાનગીઓ બનાવી શકાય છે. તેનો ઉલ્લેખ અને વર્ણન આપણને પ્રાચીન દસ્તાવેજો અને સાહિત્યમાંથી પણ પ્રાપ્ત થાય છે. વળી તેનું મહત્ત્વ અને પોષણમૂલ્ય જાણીને આજે આપણા દૈનિક આહારમાં પાછી ફરી છે. લોકો પણ તેના ફાયદા, સ્વાદ અને ઉપયોગ અંગે જાગૃત બન્યા છે અને તેને બહુમુખી મિલેટ તરીકે જોવા લાગ્યા છે. અને વર્તમાનમાં તો કુકીંગ એક્સપર્ટ (નિષ્ણાત શેફ-Chef- રસોઈયા) કે જૂની પેઢીઓના અનુભવો વગેરે વગેરે દ્વારા રાગીમાંથી સાંપ્રત સમયનું અને જુદા જુદા દેશો અને જુદી જુદી રેસ્ટોરાંની આધુનિક પાક શૈલીથી વિવિધ વાનગીઓ બનાવવામાં આવી રહી છે. મુંબઈ સ્થિત તાજમહેલ પેલેસમાં રિસોટ્ટો, તેહરી અને ખીચડી માટે વિવિધ પ્રકારની બાજરીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બાજરી માટે બુફે કોન્સેપ્ટ પણ વિકસાવવામાં આવ્યો છે. પસંદગીના દેશોની

હોટલોમાં પણ બાજરીના ઉત્સવોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તો વલ્લભ વિદ્યાનગરમાં આવેલી સરદાર વલ્લભભાઈ યુનિવર્સિટીમાં ઉપકુલપતિ ડૉ. નિરંજન પટેલનો મિલેટ ફુડ ફેસ્ટીવલનો પ્રયોગ દિશાદર્શક બની રહ્યો છે. તેમાં બાજરીનાં વડા, બાજરીના રોટલા જેવી પરંપરાગત વાનગીઓ ઉપરાંત બાજરીના સમોસા, ખીચું, જાડા ધાનની ખીચડી, જુવાના વડાં જેવી અનેક ચીજોએ યુવાનોને ઘેલું લગાડ્યું છે. એ જોતાં રાગીનો આજનો ઉપયોગ છે તેના કરતાં ભવિષ્યની જુદી જુદી બનાવટોમાં કંઈક વધુ સારી રીતે અને જુદી રીતે તેનો ઉપયોગ થઈ શકે છે અને આ અનાજને લોકપ્રિય બનાવવા માટે સંશોધનો દ્વારા 'Ready to eat' અને 'Ready to cook' ના વિવિધ વ્યંજનો બજારમાં આવવા લાગ્યા છે. તે જોતાં તો હવે રાગીએ આપણાં ઘરોમાં હંમેશાનું સ્થાન લઈ લીધું છે. તેમ માની શકાય.

આપણા દૈનિક આહારમાં રાગી અને તેના લોટમાંથી આપણે ઘણી સરળ રીતે પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી શકીએ છીએ. તેમાંથી મુડે, ઉપમા, ઢોંસા, બ્રેડ, રોટી, પેનકેક, બિસ્કીટ, ઈડલી, હલવો, કેક, મફીન, પીઝા, લાડુ, મુસલી, મધ, દૂધ, નુડલ્સ, દલિયા, સૂપ, કૂકીઝ વગેરે બનાવી શકાય છે. વળી પુલાવ, ભાત, ખીચડી વગેરેમાં ચોખાને બદલે રાગી સંપૂણ રીતે સ્થાન લઈ શકે તેમ છે. આમ રાગીનો ઉપયોગ સ્નેક્સ, બ્રેકફાસ્ટ, લન્ચ, ડીનર કોઈપણ સમયે કરી શકાય છે. તો ચાલો,

**अन्नं ब्रह्मा रसं विष्णु**
**भोक्ता देवो जनार्दनम्।**
**एवं ध्यात्वा तथा ज्ञात्वा**
**अन्न दोषो न लिप्यते॥**

એટલે કે અન્ન બ્રહ્મા છે. તેમાં રહેલી ભાવના વિષ્ણુ છે. અને તેનો જે વપરાશ કરે છે તે ભગવાન મહેશ પોતે છે. જો આ જાણીએ તો ખોરાકમાં રહેલી કોઈપણ અશુદ્ધિ આપણને સ્પર્શી શકશે નહીં. અન્ન તમામ જીવોમાં શ્રેષ્ઠ છે. તો તમામ અનાજમાંથી ગુણવત્તાયુક્ત અનાજના આ નવા આયામો આપણે સમજીએ અને ખાવાની આપણી ખોટી ટેવો બદલીને નવો ટ્રેન્ડ શરૂ કરીએ.

**ચલ ભારત, ઊઠ ભારત, સંગ હમકો ચલના હૈ**
**ધરતી કે હીરો કો ફિરસે અબ ચમકના હૈ**
**બાત ઈતની હૈ સમજની, અબ કો ઈસે બોયેંગે**
**ખેતો કે સોને કો થાલીઓમાં સજાયેંગે...**

**Stay Healthy Stay Happy**

❀ ❀ ❀

નવી કેળવણી બાંગ પોકારીને કહે છે કે જ્યાં સુધી શિક્ષકના જીવનમાંથી મતાગ્રહોનું ઝેર નાબૂદ નહિ થાય ત્યાં સુધી ભણનાર વિદ્યાર્થીનો સાચો વિકાસ શક્ય નથી.

❀

હરિફાઈ અને ઈનામ આત્માના ઉન્નતિ માર્ગને અવરોધે છે જ્યારે પ્રેમ અને પરમાર્થ આત્માને વિકસાવે છે.

**- હરભાઈ ત્રિવેદી**

❀ ❀ ❀

# સોનાનું પીંછું

- માધવી આશરા

એક હતી સોના. તે રહે સોનાપુર.

સોના બહુ બોલકણી. બસ તેને બકબક કરવું જ ગમે. ક્યારેય તે મોઢામાં જીભ રાખીને ન બેસે. પણ તે બોલે એટલી મીઠી કે સૌને ગમી જાય.

હવે એક દિવસ એવું બન્યું કે સોના ઘરની બારી પાસે બેઠી-બેઠી પોતાના ઢીંગલી-ઢીંગલા સાથે રમી રહી હતી. એટલામાં બારી પાસે એક સુંદર મજાનો મોર આવીને બેસી ગયો. સોના તેને મોટી-મોટી આંખો કરીને જોવા લાગી. અને કહે,

'અરે આ કેવું સુંદર મજાનું પક્ષી છે?'

ત્યાં તો પેલા મોરે સોનાને તરત જ જવાબ આપતા કહ્યું, 'હું મોર છું. મારું નામ મીઠું મોર છે.

સોના કહે, 'અરે વાહ તારું નામ તો બહુ સુંદર છે.'

મોર કહે, 'તારું નામ શું છે?'

સોના કહે, 'મારું નામ સોના છે. મને તારા પીંછા બહુ ગમે છે, શું તું મને પીંછા આપીશ?'

મોર કહે, 'હા આપીશ. પણ તું પીંછાને સાચવીને રાખજે.'

સોના કહે, 'હા.'

ત્યાં તો મોરે ફટાફટ એક પીંછું ખેરવી સોનાને આપી દીધું અને પોતે ચાલ્યો ગયો.

હવે તો સોના રાત-દિવસ પીંછા સાથે જ રમે. પીંછાને ચોપડીમાં સંતાડીને રાખે. એક દિવસ સોનાનું પીંછું પેલો કાગડો લઈ ગયો. એટલે સોના કહે, 'મને પીંછું આપી દે.'

કાગડો કહે, 'ના રે ના. હું તો આ ચાલ્યો.' કહીને કાગડો ઊડી ગયો.

સોના તો ઝાડ નીચે બેસીને રડવા લાગી, એટલે ઝાડ કહે, 'કેમ રડે છે સોના?'

સોના કહે,

**મોરે મને પીંછું આપ્યું,**
**પીંછું કાગડાએ ચોરી લીધું,**

ઝાડને સોનાનું રડવું ન ગમ્યું એટલે ઝાડ કહે, 'હું હમણાં જ કાગડા પાસેથી પીંછું માંગી લઈશ.'

કાગડો ઝાડ પર બેઠો એટલે તરત જ ઝાડે કહ્યું, 'એલા કાગડા સોનાનું પીંછું પાછું આપી દે.'

કાગડો કહે,

**મોરે સોનાને પીંછું આપ્યું,**
**પીંછું મેં ચોરી લીધું,**
**પીંછું મેં નદીમાં આપ્યું.**

એટલે તરત જ ઝાડ નદી પાસે ગયું અને કહે, 'નદી, નદી સોનાનું પીંછું પાછુ આપી દે.'

નદી કહે,

**મોરે સોનાને પીંછું આપ્યું,**
**પીંછું કાગડાએ ચોરી લીધું,**
**કાગડાએ મને પીંછું આપ્યું,**
**પીંછું મેં દરિયાને આપ્યું,'**

એટલે પેલું ઝાડ તરત જ દરિયા પાસે ગયું

અને કહે, 'દરિયા, ઓ દરિયા, સોનાનું પીંછું પાછું આપી દે.'

દરિયો કહે,

**મોરે સોનાને પીંછું આપ્યું,**
**પીંછું કાગડાએ ચોરી લીધું,**
**કાગડાએ નદીને આપ્યું,**
**નદીએ મને પીંછું આપ્યું,**
**પીંછું મેં વાદળને આપ્યું,**

હવે પેલું ઝાડ તો વિચારવા લાગ્યું કે હવે આ વાદળ પાસે કેવી રીતે જાઉં? વાદળ તો બહુ ઊંચે આકાશમાં હોય. ત્યાં તો કેટલાય વાદળો હોય. પીછું કોની પાસે હશે? બિચારું ઝાડ પણ રડવા લાગ્યું. ઝાડ તો રડતું જાય, ને એય બોર-બોર જેવડા આંસુ પાડતું જાય. ત્યાં તો કેટલાક વાદળોએ ઝાડના રડવાનો અવાજ સાંભળ્યો. એટલે તેઓ ફટાફટ દોડતા-દોડતા ઝાડ પાસે આવ્યા અને કહે, 'એલા ઝાડ તું કેમ રડે છે?'

એટલે ઝાડ કહે,

**મોરે સોનાને પીંછું આપ્યું,**
**પીંછું કાગડાએ ચોરી લીધું,**
**કાગડાએ નદીને આપ્યું,**
**નદીએ દરિયાને પીંછું આપ્યું,**
**દરિયાએ વાદળને આપ્યું,**

વાદળ કહે, 'ઓહહ.તો તારે પીછું જોઈએ છે?'

ઝાડ કહે, 'હા.'

ત્યાં તો બધા વાદળ ખુશ થઈને વરસવા લાગ્યા, એટલે પેલો મોર પણ મોજમાં આવીને નાચવા લાગ્યો, એટલે તેના શરીર પરથી કેટલાક પીંછા ખરવા લાગ્યા. ઝાડે એક પીછું લઈ સોનાને આપ્યું. એટલે સોના પણ રાજી રાજી થઈ નાચવા લાગી.

*(અનુસંધાન પૃષ્ઠ ૭ થી ચાલુ)*

જેમ એક સૈનિક દેશની સરહદે દુશ્મનોની ગોળી ખાઈ શહીદી વહોરીને પણ ભારતના રાષ્ટ્રધ્વજને ઊંચો રાખે છે; એમ આપણે નીતિ, નૈતિકતા, દેશદાઝ, નિસ્વાર્થતા, નિડરતા, કર્તવ્યનિષ્ઠા અને મૂલ્યપ્રતિષ્ઠાની જ્યોતનું જતન કરી જાનની બાજી લગાડીને રાષ્ટ્રને ગૌરવ અપાવવું જોઈએ. એક ભારતીય તરીકે ગૌરવ લેવું; ભારતના બંધારણને વફાદાર રહેવું; ભારતના રાષ્ટ્રધ્વજને હંમેશાં ઊંચો રાખવો એ જ સાચા ધર્મની વિભાવના અને ધનની મહત્તા છે. ધર્મની ખૂબ જ અતિ સરળ વ્યાખ્યા છે આપણે દેશ પ્રત્યેની આપણી તમામ ફરજો પૂર્ણ પ્રામાણિકતાથી નિભાવવી કે રાષ્ટ્ર પ્રત્યેની ફરજો અદા કરવામાં પોતાની જાનની બાજી લગાવવી.

જે મનુષ્ય સાચા અર્થમાં પોતપોતાની ધર્મની આજ્ઞા અનુસાર જીવે છે, તે મનુષ્યના જીવનમાં શાંત મન, તંદુરસ્ત તન, પવિત્ર ધન અને સુસંવાદિક સંબંધ પ્રાકૃતિક રીતે આપોઆપ ખેંચાઈને આવે છે. વિદ્યાર્થી સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષકોની અવશ્ય જવાબદારી છે, પણ સાથે-સાથે માતા-પિતાએ પણ પોતાનું ઉત્તરદાયિત્વ બજાવવું જોઈએ. ઘરમાં બાળક જે શીખે છે તેની અસર લાંબા સમય સુધી તેનામાં રહે છે.

**'રાષ્ટ્રને પ્રતિબદ્ધ હાઉસ',**
**૨૦, ગણેશનગર, ગાંધીધામ-કચ્છ.**
**મો. ૯૬૬૪૯૧૦૮૦૧**

# ઈતિહાસનું પાઠ્યપુસ્તક

- મનુભાઈ પંચોળી

ગુજરાતના શિક્ષણ-જગતમાં પાઠ્યપુસ્તકોની ગુણવત્તા અંગે ઘણાં સુધારા થયા છે. પાઠ્યપુસ્તકની વિષયવસ્તુ, રજૂઆત અને ભાષાકીય ગુણવત્તા અંગે પણ શિક્ષણ-જગતે અવારનવાર ચિંતા વ્યક્ત કરી છે.

ગુજરાતનું શિક્ષણ જગત મનુભાઈ પંચોળી (દર્શક)થી સુપેરે પરિચિત છે..

અહીં અમે ઈતિહાસના પાઠ્યપુસ્તક પરના તેમના વિચારો રજૂ કરીએ છીએ. સૌ વાચકોને જરૂર ઉપયોગી નિવડશે.

પાંચમા ધોરણના ઈતિહાસના પાઠ્યપુસ્તકે ઠીક ઠીક ચર્ચા જગાવી છે. શ્રી નગીનદાસ પારેખ જેવા તોળી તોળીને બોલનારા વિદ્વાને વિગતવાર-દાખલાઓ આપી આપીને આ નાનકડા પુસ્તકમાં રહેલ વ્યાકરણ તથા હકીકતના સંખ્યાબંધ દોષો બતાવ્યા છે.

રાજ્ય સરકારનું કેળવણીખાતું આ બધી ભૂલો વિશે ધ્યાન આપે અને આવી બેકાળજી માટે જે જવાબદાર હોય તેનો ખુલાસો લે તેમ કરવું જોઈએ.

આ ઈતિહાસના પાઠ્યપુસ્તકનો મુખ્ય દોષ અમને એ દેખાયો છે કે તેમાં વિદ્યાર્થીને લક્ષમાં રાખવા કરતાં માહિતીને લક્ષમાં રાખવાનો વિશેષ પ્રયત્ન થયો છે.

જ્યારે ઈતિહાસના શિક્ષણનો હેતુ આ ધોરણ માટે તો એ હોવો જોઈએ કે વિદ્યાર્થીમાં ઈતિહાસ વાંચવા સમજવા માટેનો રસ જાગે. ઈતિહાસ-પદાર્થ તો તેને મોડો અપાશે.

સમાજે કેવી ને કેટલી પ્રગતિ કે અવગતિ કરી અને શા કારણે આમ બન્યું તેની નોંધવહી તે ઈતિહાસ છે. પાંચમા તો શું પણ સાતમા ધોરણ માટે પણ આ વાત સમજવી મુશ્કેલ છે; પણ તેનો અર્થ એ નથી કે ઈતિહાસ વિશેની રુચિ, અહોભાવ કે આકર્ષણ આ ઉંમરે ન જન્માવી શકાય.

તેમ થઈ જ શકે અને થવું જ જોઈએ, નહીંતર તો પ્રજાની એકતાનાં બીજારોપણનો સુંદર અવસર ગુમાવ્યો કહેવાય.

રુચિ, અહોભાવ કે આકર્ષણ એ મનોભાવો છે. આ ઉંમરે વાર્તાશૈલીથી પ્રધાનતઃ કથનશૈલીથી જ મનોભાવોનું સ્ફુરણ અને દૃઢતા શક્ય છે. વાર્તાઓ વાંચવાની દૃષ્ટિએ લખવાની ન જ હોય, પણ શિક્ષક વર્ગમાં તે કહેવાના છે તેવી ગણતરીથી લખાઈ હોય. અહીં તેવું નથી.

વાર્તા એટલે એક કેન્દ્ર તરફ જતા બનાવોની ગૂંથણી. ઐતિહાસિક વાર્તામાં આ બનાવો બનેલા હોવા જોઈએ અથવા તો બનેલા છે તેવું અનુશ્રુતિના આધારે વિદ્વાનો માનતા હોવા જોઈએ; દા.ત., વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસ વગેરે વિશે જે કહેવાય તે બન્યું જ હતું તેમ ખાતરીપૂર્વક ભાગ્યે જ કોઈ કહી શકે, પણ અનુશ્રુતિ પ્રમાણે વાત બરાબર છે તેમ વિદ્વાનો સ્વીકારતા હોય તો વાર્તાશૈલીમાં તે બનાવોને સ્થાન છે.

આ પુસ્તકમાં ઈતિહાસશિક્ષણની દૃષ્ટિએ મોટામાં મોટી કચાશ હોય તો તે ઉપર કહેલી બે છે.

એવી માહિતી આપી છે, જે વિદ્યાર્થીઓ સમજી નહીં શકે અને આ માહિતીની વાર્તાશૈલી સાથે કલમ કરવામાં આવેલી નથી. દા.ત., ડૉ. ભાભાના ચરિત્રકથનમાં તેમણે અંતરિક્ષ-વિકિરણ, ઈલેક્ટ્રૉન અને મેસો પોઝીટ્રૉન વિશે સંશોધન કર્યું તેમ લખ્યું છે. પણ પાંચમા ધોરણના છોકરાને માત્ર આટલું કહેવાથી શું સમજાવાનું? તુંબડીમાં કાંકરા. એવું જ ભાસ્કરાચાર્યના *સિદ્ધાંત શિરોમણી* ગ્રંથમાં ગોલ અધ્યાયનો ઉલ્લેખ છે. તેથી એ વિદ્યાર્થીને ભાસ્કરાચાર્યની પ્રતિભા વિશે સમજદારી કે આકર્ષણ શું વધે?

કહેવાનું એ છે કે, ઈતિહાસમાં હકીકતો ઘણી બધી હોય છે, પણ તેમાંથી વિદ્યાર્થી સમજે તેટલી જ હકીકતો સંકલિત સ્વરૂપે મુકાવી જોઈએ. નહીંતર બાળકને માટે તે કાં અર્થશૂન્ય રહે કાં અજીર્ણ કરનારી થાય.

તેવું જ જે પ્રસંગોને તે વાર્તાના કેન્દ્ર સાથે સંબંધ ન હોય તે પ્રસંગો પણ વાસ્તવિક રીતે આવી માહિતીરૂપ બની જાય છે.

દા.ત., શંકરાચાર્યની વાર્તાની શરૂઆત 'આમળાની ભિક્ષા' પ્રસંગથી કરી છે. ગરીબ બાઈ ભિક્ષા આપી શકે તેમ નથી. ફળિયામાંના આમળીના ઝાડ પરથી એક આમળું પડ્યું તે ભિક્ષામાં આપે છે. લેખક લખે છે ''બ્રહ્મચારીને થયું, અરેરે મારો દેશ આટલો બધો ગરીબ છે!''

બાળકને થવાનું કે હવે આ બ્રહ્મચારી દેશની ગરીબી ફેડવા કાંઈક કરશે પણ તેવું કાંઈ છે નહીં. શંકરાચાર્યના જીવનમાં એ હોઈ પણ ન શકે, એમના જીવનનું કેન્દ્ર અને ભારતીય ઈતિહાસ-પ્રવાહમાં તેમનું દાન જુદું જ છે.

તો આ પ્રસંગથી વાત શરૂ કરવાથી ઈતિહાસ શિક્ષણનો હેતુ સિદ્ધ થાય?

ભારતમાં ઘણાં પવિત્ર સ્ત્રીપુરુષો થયાં છે, તે બધાંને ઈતિહાસમાં ભણાવાતા નથી પણ શંકરાચાર્યને સ્થાને છે. પણ જે કારણે સ્થાન છે તે જ, કેન્દ્રને પોષક હકીકતોને વાર્તારૂપે સંકલિત કરી મૂકવી જોઈએ અને ત્યારે હેતુ સિદ્ધ થાય.

આવું બીજા ઘણા પાઠો વિશે કહી શકાય તેવું છે. અમારી દૃષ્ટિએ ઈતિહાસશિક્ષણની સફળતા ટાળનારી મૂળ ખામી આ પુસ્તકની ઉપર કહી તે છે. વ્યાકરણદોષો કે હકીકતદોષ છે તે ભલે દૂર થાય, પણ જો આ ખામી દૂર ન થાય તો હેતુ ન સરે.

આ રીતે ગંભીરતાથી વિચારવા જતાં એવું પણ થવાનો સંભવ છે કે, વાર્તાઓ લાંબી થઈ જાય તો ભલે કેટલાક નમૂના જ અપાય અને બાકીની વાર્તાઓ માટે શિક્ષકને મદદગાર થાય તેટલો મસાલો અપાય. પણ તેની મુખ્ય શરત દેશના ઈતિહાસ વિશે રુચિ, અહોભાવ, આકર્ષણ જન્મે તે પળાવી જોઈએ. આ પાળવા જતાં ભલે વાર્તાઓ ઓછી અપાય અને બાકીની વાર્તાઓ માટે શિક્ષકને જ સજ્જ કરાય; પણ તેથી જ બાળકો માટે ઈતિહાસ સજીવ થશે.

ઈતિહાસ દેશ આખાનો અપાવો જોઈએ. એ દૃષ્ટિએ ભૌગોલિક વિભાગોનું પ્રતિનિધિત્વ ચુકાય તે પણ ઈષ્ટ નથી.

આમાં આસામના શંકરદેવ નથી, રાજસ્થાનના પ્રતાપ, દુર્ગાદાસ જેવા કોઈ અટંકી વીર નથી; ભામાશા ભલે હોય.

સમુદ્રગુપ્ત હોય તો રાજરાજેન્દ્ર ચૌલ કેમ ન હોય?

*(અનુસંધાન પૃષ્ઠ ૨૮ ઉપર)*

# બાળશિક્ષણપ્રેમી - દંપતી
## (શ્રી જયંતભાઈ શુક્લ અને શ્રી દીનાબેન શુક્લ)

- ઈશ્વર પરમાર

દસેક વરસના દીકરાના મોંમાં બીડી દેખીને પરસનબાની દર્શન-પૂજા પછીની પ્રસન્નતા પલાયન થઈ ગઈ. દીકરાના મોંમાંથી બીડી ખેંચી ને ચંપલ ખોસતાં કહ્યું, ''બીડીને બદલે લે આ ચામડું ખા! લાજતો નથી?''

આ પછી દીકરાએ છાનેછપને ઠૂંઠાં ચૂસવા માંડ્યાં. જાજરૂમાં ધુમાડાના ગોટા! પરસનબાએ પતિ શિવશંકરભાઈને આ વાત ભારે ચિંતા સાથે કરી, ''છોરો હાથથી જાય છે, તમે બરાબરનું કંઈ કરો.''

પિતા તરત કંઈ ન બોલ્યા જાજરૂમાં ઠૂંઠું જોઈને, છૂપકે છૂપકે 'ગોટેગોટે ગૌદાન' કરતા પુત્રને થોડા દિ' પછી કર્યો સીધો સવાલ, ''ભાઈ, તું બીડી પીએ છે કે છોડી દીધી?''

''જ્યારથી મારી બા એ કહ્યું છે ત્યારથી જ છોડી દીધી છે.''

પિતાએ પુત્રની સામે ઠૂંઠું મૂકીને કહ્યું, ''આપણા જાજરૂમાં આ ક્યાંથી? દીકરા, તેં બીડી પીધી તેનું દુઃખ તો થાય જ અમને; તેમાં વળી તું ખોટું પણ બોલતો થયો છે તેથી ખૂબ દુઃખ થાય છે. બેટા, બીડી પીવાથી મોઢું ગંધાય, છાતીમાં દુઃખે, ઉધરસ થાય, ડિલ કંતાઈ જાય. તું બીડી છોડે તેમાં તારું ભલું છે; ઠીક લાગે તેમ કર, ભાઈ.''

મોંમાં ચંપલ ખોસનાર માતાએ જોયું કે પિતાની સમજાવટથી બેટો બીડીનો બંધાણી થતાં બચી ગયો! વરસો પછી તો એ બાળકોની ભલાઈ માટેનાં કામોનો બંધાણી થયો. આ બાળપ્રેમી શ્રી જયંતભાઈ શુક્લનો જન્મ સને ૧૯૨૬ની ૬ઠ્ઠી ઑક્ટોબરે આણંદ ખાતેના સારસા ગામે થયો હતો. આ બાળકનાં તોફાનોથી મા-બાપ ખૂબ ત્રાસી ગયાં હતાં. નાછૂટકે દાદીમા ચંચળબા પાસે ભાદરવા ગામે મોકલાવી દેવો પડ્યો. હેતાળ દાદીના હાથના સાદા-મીઠા કુલેર ને મહામિષ્ટાન્ન જેમ ઝાપટતા જયંતકુમાર તે ગામે બીજી ચોપડી પાસ કરીને પાછા સારસા ગામે આવી ગયા - શાણા થઈને!

ચંચળ તરુણ જયંતીની શક્તિ સર્જન, સેવા અને સંગઠનના માર્ગે વળી, બ્રાહ્મણ પ્રગતિ મંડળની સ્થાપનામાં સહયોગ કર્યો. પછીથી એણે વ્યાયામ ઉપરાંત નાટક-નૃત્યના કાર્યક્રમો પણ ચગાવ્યા.

શાળાંતની પરીક્ષા પાસ કરી ચૂકેલ (૧૯૪૦) પુત્રને પિતાએ આગળ અભ્યાસ માટે દાદાને ત્યાં નડિયાદ મુકામે મોકલ્યો. (૧૯૪૧) ગાંધીજીપ્રેરિત 'ભારત છોડો આંદોલન'નાં આંદોલનો ઝીલતાં ઝીલતાં જયંતકુમાર સભા-સરઘસમાં સરકી પડ્યા. માર પણ ખૂબ ખાધો. દાદાએ આ 'પરાક્રમી' પૌત્રને પાછા સારસા ગામે રવાના કરી દીધો. આઠમા ધોરણથી આગળનું ભણતર અટકી ગયું.

સારસા ગામમાં પણ ગાંધીસભા-સરઘસમાં વ્યસ્ત રહેતા જયંતકુમારને પોસ્ટ ઑફિસ સળગાવવામાં સામેલ હોવા બદલ પોલીસ-

થાણામાં સખત માર-ઝૂડ સહેવી પડેલી. રાષ્ટ્રપ્રેમી પિતા તરફથી ગાંધીપ્રેરિત પ્રવૃત્તિઓ માટે ઉત્સાહ મળતો પરંતુ ગાંધીવિરોધી કેટલાક જ્ઞાતિજનોએ ગાંધીપ્રેમી તરુણનું વતનમાં થયેલ વેવિશાળ તોડી નાખ્યું!

વેવિશાળ તૂટતાં તરુણ જયંતકુમારને માનસિક આંચકો લાગ્યો. ગાંધીપ્રેમી કાકા આ સત્તર વર્ષના બેચેન ભત્રીજાને પોતાને ત્યાં આંકલાવ લઈ ગયા. (૧૯૪૩) અહીં ખાદીભંડાર શરૂ કરી આપ્યો. તરવરિયા તરુણને ભંડારનું બેઠાડુ જીવન ફાવ્યું નહીં. કાકાએ વિચાર કરીને સૂચવ્યું, ''ભાઈ, તું મુંબઈ જા. બાળશિક્ષણની તાલીમ લે; તારાબહેન મોડકની સંસ્થામાં.'' - આમ જયંતભાઈને દોડવું'તું ને ઢાળ મળી ગયો!

સને ૧૯૪૪; મુંબઈમાં દાદર મુકામે શિશુવિહાર નામની સંસ્થા; આ સંસ્થામાં ચાલતા બાલઅધ્યાપન-મંદિરમાં પ્રવેશ મળી ગયો. એક વર્ષની તાલીમ પૂરી થઈ.

મુંબઈમાં જ રહીને બાળશિક્ષણનું કામ કરવાનો મનોમન નિર્ણય તો જયંતભાઈએ લીધો પરંતુ મુંબૈશે'રમાં રોટલા અને ઓટલાનું શું? એક જ્ઞાતિબંધુની પેઢીમાં સૂવાનું ગોઠવાયું. રહ્યો રોટલાનો સવાલ. માળવી બાળમંદિરના આચાર્યા મોંઘીબહેન જયંતભાઈના શિક્ષણકાર્યથી ખૂબ સંતુષ્ટ. એમણે સૂચવ્યું, ''હાલ તમે બે-ચાર બાળમંદિરોમાં જવાનું રાખો; ત્યાં વાર્તા-નાટક-સંગીત જેવી પ્રવૃત્તિઓ કરાવતા રહો; તેમાં તો તમે પૂરતા કાબેલ છો. હાલ પગાર નહીં મળે; ધીમે ધીમે ગમે ત્યાં ગોઠવાઈ જશો.''

પરંતુ બે-ચાર બાળમંદિરો સુધી પહોંચવા માટેનું ટિકિટભાડું ક્યાંથી કાઢવું? મોંઘીબહેને તત્કાળ પાંચ રૂપિયાની મદદ કરી. તે પાંચ રૂપિયાનાં અગરબત્તીનાં પડીકાં ખરીદીને જયંતભાઈ એ લોકલ-સ્ટેશનો પર તે વેચવા માંડ્યાં. સાંજ પડ્યે બાર આના (પંચોતેર પૈસા) જેવું વળતર મળી રહેતું. તે જમાના (૧૯૪૫)માં આઠ આના (પચાસ પૈસા)માં તો લૉજમાં આખું ભાણું પિરસાતું ફુલ ડિશ!

કરકસરિયા જયંતભાઈને બાળમંદિરોમાં ગાંઠને ખરચે જવા છતાં નોકરી તો ન મળી પણ એક ઘેર ટ્યુશન મળ્યું. માસ આખરે બંધ કવરમાં પગાર મળ્યો - રૂપિયા પચાસ! એક માસનું મહેનતાણું : ત્રણ માસું ભોજન! જયંતભાઈના જીવનની આ પહેલી સુખદ ઘટના!

આ પછી 'ભગિની સમાજસેવા મંદિર' નામની સંસ્થાના બાળમંદિરમાં શિક્ષક તરીકેની નિમણૂક મળી. (૧૯૪૫) આ બાળમંદિર મુંબઈ સેન્ટ્રલ પાસેના હરિજનવાસમાં ચાલતું. ઓગણીસ વર્ષના એકલરામ જયંતભાઈ બાળમંદિરમાં જ નહીં, તે સંસ્થા સંચાલિત પ્રાથમિક શાળા, સીવણવર્ગ, યુવાપ્રવૃત્તિ અને પ્રૌઢ શિક્ષણ માટે પણ પૂરતો સમય અને શક્તિ ફાળવતા. તેમની કામગીરીથી ખૂબ સંતુષ્ટ થઈને સંસ્થાએ તેમને કાર્યાલયમાં રહેવાની સગવડ આપી.

આ ગાળામાં પૂજ્ય ગાંધીજીના તારાબહેન મોડક પરના ગ્રામલક્ષી આદેશને અનુસરીને થાણા જિલ્લાના બોર્ડી ગામે ગ્રામવિસ્તારમાં આદિવાસી બાલવાડી તેમજ બાલઅધ્યાપન-મંદિર શરૂ થયું હતું. તારાબહેનના સૂચન મુજબ, એ સંસ્થામાં અધ્યાપકીય સેવાઓ આપવા જયંતભાઈ અવારનવાર જતા.

બાળશિક્ષણની પ્રવૃત્તિને ન્યાય અને વેગ મળે તે માટે બીજા મૉન્ટેસોરી શિક્ષકો સાથે

મળીને જયંતભાઈને નૂતન બાલશિક્ષક સંઘની સ્થાપના કરી હતી. શિક્ષકો માટે યોગ્ય પગારધોરણની માગણી કરી અને તેમાં સફળતા મેળવી. સને ૧૯૪૮માં મુંબઈ પધારેલાં મેડમ મૉન્ટેસોરીને તેમના પ્રસરેલા શિક્ષણની ઝલક દર્શાવવા એક મોટા 'બાળશિક્ષણનગર'નું આયોજન થયેલું. નૂતન બાળશિક્ષક સંઘે જયંતભાઈના જહેમતભર્યા માર્ગદર્શન નીચે તે કાર્યક્રમ ખૂબ સફળ કરી ઊજવી બતાવ્યો.

સંઘની અને બોર્ડી ખાતેની અધ્યાપકીય પ્રવૃત્તિઓ દરમિયાન તે જ સંસ્થામાં શિક્ષણકાર્ય કરતાં હીરાબહેન જયંતભાઈ સાથે પરિચયમાં આવ્યા અને સહકાર્યકર તરીકે જીવનભર કાર્ય કરવા તેમની સાથે લગ્ન કર્યાં. (૧૯૪૮)

જયંતભાઈએ માધવબાગ ખાતે એક નમૂનેદાર બાળમંદિર સ્થાપેલું અને ચલાવેલું. (૧૯૪૮-'૫૦) મુંબઈમાંની બાલકન-જી-બારીની તારાબાગ અને ચોપાટી શાખામાં પણ તેઓ કાર્યરત રહેતા.

ભાવનગર મુકામે બંધ પડેલ 'દક્ષિણામૂર્તિ' સંસ્થાને પુનઃકાર્યરત કરવા તારાબહેને જવાબદારી સંભાળી. (૧૯૫૦) એમના સૂચનથી જયંતભાઈએ તે સંસ્થામાં તત્કાળ એક વર્ષ (૧૯૫૦-'૫૧) સેવા આપી. સંસ્થાના અધ્યાપન-મંદિર અને બાલવાડીને પ્રાણવાન બનાવવા એમણે સજોડે અથાગ પ્રયત્નો કર્યો.

આ પછી નૂતન શિક્ષક સંઘ દ્વારા રૌપ્ય મહોત્સવ ઉજવાયો. (૧૯૫૧) આ નિમિત્તે મહારાષ્ટ્ર-ગુજરાતમાં વાલી અને શિક્ષકોની શિબિરો અને બાળ-શિક્ષણનગરોની પ્રવૃત્તિ શિક્ષણશાસ્ત્રી શ્રી શેષ નામલેના નેતૃત્વ નીચે થઈ. તેમના મદદનીશ તરીકે કામ કરવાની તક પચીસ વર્ષના જયંતભાઈને મળી. આ સાન્નિધ્યથી તેમનામાં શિક્ષણક્ષેત્રે આગવી સૂઝ વિકસી.

રૌપ્ય મહોત્સવ પૂરો થયા પછી જયંતભાઈ અને હીરાબહેન મુંબઈ-બોર્ડી ખોતેની આદિવાસી વિસ્તારમાં ચાલતી બાળશિક્ષણની પ્રવૃત્તિઓમાં જોતરાયાં તે પહેલાં તે જ વરસે (૧૯૫૨) સસ્તા અનાજની ન્યાયી વહેંચણી અંગે આણંદ મુકામે થયેલ સમાજવાદી પ્રક્ષપ્રેરિત સત્યાગ્રહમાં ભાગ લઈને જયંતભાઈએ થોડા દિવસોની કેદ વહોરી લીધી હતી!

ત્યાંથી બોર્ડી પરત આવેલ જયંતભાઈ માટે આઘાતનો ઓછાયો પથરાયેલો પડ્યો હતો. હીરાબહેન એકાએક બીમારીમાં પટકાયાં. શીતળાની ટૂંકી માંદગીને લીધે મુંબઈની હરકિસનદાસ હોસ્પિટલમાં એમણે છેલ્લા શ્વાસ લીધા. (૧૯૫૨) બે બાળકો પરથી માતૃછાયા સંકેલાઈ ગઈ; ને જયંતભાઈ જીવન-હીરારહિત!

એ હીરાના અગોચર અજવાશથી પ્રેરિત જયંતભાઈ મક્કમતાપૂર્વક મનને કાઠું કરીને પુનઃ બાળકલ્યાણની પ્રવૃત્તિમાં ખૂંપી ગયા. તારાબહેનના માતૃવત્ વ્યવહારે તેમને હૂંફ આપી. તેમને ઘેર જ રહેતા-જમતા જયંતભાઈ આદિવાસી વિસ્તાર માટેની 'વિકાસવાડી' યોજનામાં લાગી ગયા. વિકાસવાડીમાં ઘોડિયાઘર, બાલવાડી, પ્રાથમિક શાળા, પ્રૌઢશાળા અને સામૂહિક ઉત્સવ કેન્દ્રનો સમાવેશ થતો હતો.

આદિવાસીઓ પોતાનાં બાળકોને છાણાં-લાકડાં કે ફળ-કંદમૂળ ભેગાં કરવા મોકલતા. ભૂલકાંને ભણવા મોકલવાનું તેમને સમજાવતા જયંતભાઈને જવાબ મળતો, ''તમને સરકારે મોકલ્યા લાગે છે; અમારાં છોરાં ભણે કે અમને મદદ કરે?''

આમ છતાં ધીરજપૂર્વક ગીત-સંગીતને આધારે જયંતભાઈએ આદિવાસી બાળકોને શાળા તરફ આકર્ષવા માંડ્યા. તેઓ બેસે, વાર્તા સાંભળે, ગીત ઝીલે. એક વાર વાસમાં કોઈએ ડુક્કર કાપ્યું. છોકરાં ગીત ફેંકીને વાટકા લઈને માંસ લેવા દોડ્યાં. તત્કાળ નાહિંમત થયેલા જયંતભાઈ હિંમતભેર વાસમાં ગયા. મરેલા ડુક્કરની આસપાસ છોકરાં ઊભાં હતાં ને ડુક્કર કાપનારો તેમે થોડું થોડું માંસ વહેંચતો હતો.

સાંજે તારાબહેનને આ પ્રસંગ જણાવીને જયંતભાઈએ ઉમેર્યું, ''બહેન, હું ચુસ્ત બ્રાહ્મણ આ માંસાહારી કોમને કેમ શિક્ષણ આપી શકીશ?''

''જયંત, આપણા દેશમાં અનેક પ્રદેશો એવા છે કે જેમાં લોકો માંસાહારી છે. ઘણા ગરીબો આ પ્રકારના પ્રાણીઓને ઉછેરીને પોતાનું પેટ ભેર છે. તેમના તરફ ધૃણા કર્યા વિના તેમને શીખવો કે જે ડુક્કરનું માંસ ખાવાના હો તે ડુક્કરને સ્વચ્છ રાખો.''

બીજા દિવસે જયંતભાઈ પેલાં બાળકો પાસે પહોંચીને કહે, ''ચાલો, આજે આપણે ભૂંડોનાં બચ્ચાંને નવડાવીએ.'' બાળકોને ખૂબ મઝા પડી. ગીતો ગાયાં. પછી વાર્તાના સ્વરૂપમાં જયંતભાઈએ ખ્યાલ આપ્યો કે માંસ કેવું ખવાય ને કેમ ખવાય!

વિકાસવાડી અંગેની કામગીરી દરમ્યાન એક પારસી પરિવારનાં ભાવનાશાળી પુત્રી દીનાબહેન ઝાઈવાલાનો એક સહકાર્યકર તરીકે જયંતભાઈને પરિચય થયો.

ઘરનું ઘર, ગાડીને વાડી ધરાવતા શ્રીમંત પરિવારમાં દીનાબહેનનો જન્મ સને ૧૯૩૩ની ૧૨ જાન્યુઆરીના રોજ થયો હતો. પિતા જમશેદજી દારૂના છંદે ચડ્યા. સાંજે ઘરમાં સોપો પડી જાય. તે આવે. બકે. ચામડાના પટ્ટાથી બાળકોને ઝૂડે. અભણ માતા માણેકબાઈ હૈયાસૂઝથી પરિસ્થિતિ સંભાળી લેતાં. નશો ઊતરતાં જ પિતા પ્રેમમૂર્તિમાં પલટાઈ જતા! જો કે, દારૂના દૈત્યે ઘરના વૈભવને હરી લીધો.

સને ૧૯૫૩માં દીનાબહેને તારાબહેન મોડકના સાન્નિધ્યમાં બોર્ડી મુકામે બાળઅધ્યાપનની તાલીમ લીધી. આ પછી આદિવાસી વિસ્તારમાં ઘોડિયાઘરથી માંડીને ચોથા ધોરણ સુધીની શાળા વિકાસવાડી યોજના અન્વયે સંભાળી. (૧૯૫૨-'૫૬) આ નિમિત્તે અનુભવનું અમૂલ્ય ભાથું મળ્યું.

એક વખત બાલવાડીનો હિસાબ તપાસતાં જણાયું કે સંસ્થાની રકમ (પાંચ રૂપિયા) ઘરખર્ચમાં વપરાઈ ગઈ હતી. તારાબહેને કહ્યું, ''જો દીના, સંસ્થાના હિસાબમાંથી એક પણ પૈસો ઘરખર્ચ માટે વપરાય નહીં. આપણે તો નૈતિક મૂલ્યોના માણસો છીએ. ફરી વાર આવી ભૂલ ન થાય તે માટે તને દસ રૂપિયાનો દંડ કરું છું.''

દીનાબહેને દસ રૂપિયા નહીં, આખા મહિનાનો પગાર સંસ્થામાં જમા કરાવીને ભૂલનું પ્રાયશ્ચિત કર્યું.

જયંતભાઈ વિકાસવાડીનું સમગ્ર સંચાલન સંભાળતા હતા તેથી દીનાબહેન અને તેમના પરિવારનો સહજમાં પરિચય થયો. આ વિકસેલ પરિચયના પરિણામે એક વખત જયંતભાઈએ પ્રસ્તાવ મૂક્યો, ''આપણે એક જ ક્ષેત્રના જોગીઓ છીએ; સાથે રહીને આપણે બાળશિક્ષણનાં કામો કરીએ તો કેમ?''

સામાજિક દૃષ્ટિએ આ ક્રાંતિકારી પગલું હતું. હવે બાળકોના પિતા, ભિન્ન જાતિ, ભિન્ન ધર્મ, બંનેનાં પરિવારોનો વિરોધ - આ સ્થિતિને લીધે

પુછાયેલા પ્રશ્નથી દીનાબહેનને મૂંઝવણ થવી સહજ હતી; પરંતુ ઉત્તર આપવાની સમયમર્યાદા તો પ્રશ્નકર્તાએ બાંધી જ ક્યાં હતી?

ત્યાં જ તો જયંતબાઈને ફરી ભાવનગર જવાનું થયું. (૧૯૫૪) દક્ષિણામૂર્તિ સંસ્થાના બાળઅધ્યાપન મંદિર, બાળમંદિર અને પછાત વિસ્તારની બાલવાડીમાં કામગીરી કરવાની આવી; પરંતુ તારાબહેન સાથે વૈચારિક મતભેદ થતાં જયંતભાઈએ 'દક્ષિણામૂર્તિ' છોડવાનો નિર્ણય કર્યો.

બન્યું એવું કે દિવાળીની રજાઓમાં દાદાને લઈને યાત્રાએ ગયેલ જયંતભાઈ બીજું સત્ર શરૂ થયા પછી પાંચ દિવસ મોડા હાજર થયા. સંસ્થાએ ઠેરવ્યું કે આમ મોડા હાજર થનારને આખા વેકેશનનો પગાર ન આપવો. જયંતભાઈને આ અન્યાય માન્ય ન હતો. છેવટે તારાબહેને કહ્યું, ''હું અંગત રીતે તમને પગારની રકમ આપી દઈશ, સંસ્થા તો નહીં જ આપે.''

જયંતભાઈ સ્પષ્ટ હતા, ''પગાર આપ નહીં, સંસ્થા જ આપે. પગારપત્રક પર સહી કરીને આ પગાર સંસ્થાને દાન તરીકે આપી દઈશ; પણ મારા હક્કનો પગાર તો સંસ્થા તરફથી મને મળવો જ જોઈએ.''

સંસ્થા આ બાબતે સંમત થઈ શકી નહીં. જયંતભાઈએ તત્કાળ રાજીનામું આપ્યું. તેઓ સુરેન્દ્રનગરની બાળશિક્ષણની સંસ્થામાં જોડાયા. (માર્ચ, ૧૯૫૫)

સુરેન્દ્રનગર જતાં અગાઉ જયંતભાઈએ ભાવનગરથી દીનાબહેનને પુછાવેલી : ''તમે સાથે જોડાવા માટે, કામ કરવા માટે શું વિચારો છો?''

એક જ ને વળી પ્રિય વ્યવસાયમાં કામ કરવાની તક મળે છે, પાત્ર પણ પ્રેમાળ છે, એમ વિચારીને દીનાબહેન લગ્ન માટે સંમત થયાં. તારાબહેનની સંમતિ, સહાય અને સૂચનથી સુરેન્દ્રનગરની કોર્ટમાં લગ્ન-નોંધણી કરાવી. (૧૯૫૬)

ત્યાં વળી, ડાંગ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં તારાબહેને શરૂ કરેલ બાલવાડીને સ્થિર કરવા કોસવાડ મુકામે જયંતભાઈને જવાનું થયું. (૧૯૫૬) આ પડકારને ઝીલી જયંતભાઈ ગરીબોના હમદર્દ બની રહ્યા. તેમની જેમ જીવ્યા. એ લોકો તો તેમને પોતાના ભગવાન માને!

સુરેન્દ્રનગરના બાળકેળવણી મંડળ સંચાલિત બાળમંદિરની જવાબદારી જયંતભાઈએ સ્વીકારી. એમણે મંડળ પાસે બાળઅધ્યાપન-મંદિર શરૂ કરવાની દરખાસ્ત મૂકી. તે સ્વીકારાઈ. સંસ્થાના નિયામક તરીકે પ્રખર શિક્ષણશાસ્ત્રી શ્રી હરભાઈ ત્રિવેદી નિમાયા. તેમના પરિચયની તક મળી. સંસ્થા હંમેશાં તૂટમાં રહેતી. પગાર ચૂકવવાની મુશ્કેલી ઊભી થતી ત્યારે નાણાંની સગવડ કરવા જયંતભાઈ સમાજ-સંપર્ક કરતા અને સફળ પણ થતા.

આ અલગારી શિક્ષકને ઘેર મહેમાનો તો હોય જ હોય! મહિને અનાજનું બિલ પણ ન ચૂકવી શકે. એક વખત દીનાબહેન ઉધાર અનાજ લેવા ગયાં ત્યારે વેપારીએ નન્નો સુણાવી દીધેલો! આર્થિક સ્થિતિ અતિ સામાન્ય. એક સારી શિક્ષણસંસ્થામાં પુત્રને દાખલ કરી શકવા માટે આખા વરસની એકસાથે ફી ભરવાની પણ તેમની શક્તિ ન હતી. આથી પુત્રને તે સંસ્થાના લાભથી વંચિત રહેવું પડ્યું.

બાળમંદિરમાં શિક્ષિકા તરીકે નોકરી કરતાં દીનાબહેનને ભાષા અને ગણિતના શિક્ષણની જવાબદારી સોંપાઈ હતી. જયંતભાઈએ જોયું કે

મહારાષ્ટ્રમાં ભણેલ આ પારસી બાનુના ઉચ્ચારો અશુદ્ધ થાય છે. આ કેમ ચલાવી લેવાય? એમણે દીનાબહેનને તરતોતરત મુક્ત વ્યવસાય-નર્સરી વિભાગમાં બદલાવી દીધાં. સ્વામાની શિક્ષિકાને આનો આઘાત તો એવો લાગ્યો કે આગળ જતાં એમણે બી.એ.માં મુખ્ય વિષય ગુજરાતી રાખ્યો અને બી.એડ્.માં એક પદ્ધતિ પણ ગુજરાતી જ!

પોતાને હસ્તકના બાળમંદિરને છેલ્લામાં છેલ્લી ઢબનાં સાધનોથી સજ્જ રાખવા જયંતિભાઈ આતુર રહેતા. શાળાનાં સાત ધોરણ સુધીનાં બાળકોની ઊંચાઈને ખ્યાલમાં રાખીને એમણે હીંચકાઓ તૈયાર કરાવ્યા હતા. નાનાં બાળકોને બપોરે ઊંઘવા માટે પલંગો પણ રખાવેલા. પોતે હારમોનિયમ લઈને બાળગીતો ગાતાં ને ઝીલવતાં. એમની વાર્તાના પૂરમાં તો મોટેરાંય ખેંચાય! સાથી(પટાવાળા)ની ગેરહાજરીમાં સાવરણી લઈને સફાઈકામમાં લાગી જતા જયંતભાઈને કોઈ આજાણ્યા વાલી આચાર્ય તરીકે તો ઓળખે જ શાના?

આમ ત્રણેક વર્ષ (૧૯૫૫-'૫૮) યશસ્વી બાળસેવા કરીને નગરજનોની ચાહના મેળવી ચૂકેલા જયંતભાઈએ સંચાલકો સાથે કેટલાક સૈદ્ધાંતિક મતભેદોને કારણે સુરેન્દ્રનગર છોડ્યું.

ભાવનગરની 'ઘરશાળા' એ આ બેલડીની બાળમંદિર અને બાળઅધ્યાપન-મંદિરમાં અધ્યાપકીય સેવાઓનું લેવાનું સ્વીકાર્યું. ગૃહપિતા તરીકેની ફરજ પણ જયંતભાઈએ સ્વીકારી. અહીં તેઓ ત્રણ વર્ષ (૧૯૫૮-૬૦) રહ્યાં. આ ગાળા દરમિયાન જયંતભાઈ એસ.ટી.સી. થયા, દીનાબહેન બી.એ. (૧૯૬૦)

સિદ્ધ કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદી તે કાળે રાજ્યસભાના સભ્ય હતા તેથી તેમનાં દિલ્હી ખાતેનાં રોકાણો વધ્યાં. બાળઅધ્યાપન-મંદિરમાં તેમના મનોવિજ્ઞાનના તાસ લેવાતા બંધ થયા. (૧૯૫૮) તાલીમાર્થીઓ મૂંઝાયા. ગુજરાતીમાં પુસ્તક પણ પ્રાપ્ય ન હતું. દીનાબહેન અને જયંતભાઈએ આ મૂંઝવણ દૂર કરવા બીડું ઝડપ્યું. મરાઠીમાં લખાયેલાં પુસ્તકો મેળવીને દીનાબહેને તેનો સાર-અનુવાદ તૈયાર કર્યો; રાતે જાગીને તેના આધારે તૈયારી કરીને જયંતભાઈ ભણાવે. આ રીતે અભ્યાસક્રમ પૂરો કરાવીને એમણે હરભાઈનું વિશેષ હેત મેળવ્યું. એમની સંસ્થાકીય રજૂઆતોને હરભાઈ જરૂરથી દાદ આપતા. તેમના વિશે જયંતભાઈ કહે છે : ''મારા જીવનઘડતરમાં 'ઘરશાળા' એ મોટો ભાગ ભજવ્યો. બાળકોનું સ્વાતંત્ર્ય, બાળમાનસની સમજ, છાત્રાલય-વ્યવસ્થા, વિદ્યાર્થીઓ સાથે મિત્રભાવે વર્તવાની માનવીય પદ્ધતિ મને શ્રી હરભાઈ પાસેથી મળી. મારા જીવનદૃષ્ટા તરીકે તેમનું સ્થાન કાયમ રહેશે.''

જવાબદારીના ગંજ છતાં જયંતભાઈ આમ રહે હળવાફૂલ! સંગીતશિક્ષક ગુલભાઈની ફાંદ પર હાથ પસરાવતા લલકારે ''આજ તો મિયાં મૈં કહ દૂઁગી, બસ કહ દૂંગી... ઢોલ બજાકે સારૈ ગાઁવ કો કહ દૂઁગી...'' ગુલભાઈ પણ ગીતમાં ભળે ને ઘરશાળામાં ખિલખિલાટ!

ગૃહપિતા જયંતભાઈ ગામમાં ગયા હોય કે, બહારગામ; પોતાના ઘરને ક્યારેય તાળું ન લગાવતા. જે કોઈ છાત્રને ખાંડ, ચા, દૂધ, સોય, દોરા, કાતર, બ્લેડ, વાસણ, પ્રાયમસ, દવા, મલમપટ્ટા જે કંઈ જોઈએ તે પોતાની મેળે લઈ લે! ક્યારેક એવુંય બને કે પોતે દૂધના અભાવે ચા ન બનાવી શકે!

ઘરશાળા, ભાવનગરમાં બે'ક વર્ષ વીત્યા પછી સુરેન્દ્રગરના કેળવણી મંડળના ટ્રસ્ટીઓએ

વિનંતી કરી કે, ગઈ ગુજરી ભૂલી જઈને ફરી સંસ્થા સંભાળો. મૂળે તો શ્રી હરભાઈએ જ તે ટ્રસ્ટીઓને સૂચવેલું કે જયંતભાઈને મુક્ત રીતે કામ કરવા દેવામાં જ ડહાપણ છે. સ્વમાની જયંતભાઈ - દીનાબહેન ફરી સુરેન્દ્રનગર ગયાં. (૧૯૬૧) પૂર્વવત્ સંચાલનસૂત્રો હાથમાં લીધાં. દીનાબહેન બાળઅધ્યાપન મંદિરનાં પૂર્ણ સમયનાં અધ્યાપક રહ્યાં. (૧૯૬૧-૬૩) એમણે એસ.ટી.સી. કર્યું. (૧૯૬૧) આ પછી દીનાબહેને બાળઅધ્યાપન-મંદિરમાં પૂર્ણ સમયના અધ્યાપક તરીકે સેવાઓ આપી. (૧૯૬૩-'૬૯)

સંસ્થા-સંનિષ્ઠા અંગે તો આ પતિ-પત્ની વચ્ચે હોડ હતી કે શું? એક વખત અધ્યાપિકા દીનાબહેન અગિયાર ને પાંચ મિનિટે અધ્યાપન-મંદિરમાં આવીને હાજરીપત્રકમાં સહી કરવા જતાં હતાં ત્યાં આચાર્યશ્રી જયંતભાઈ કહે, ''દીનાબહેન, તમે આજે પાંચ મિનિટ મોડાં છો, આ ચાલે નહીં. આજની રજા મૂકી દો.'' દીનાબહેને તે દિ'ની રજા તો મૂકી પણ કામ તો આખો દિવસ કર્યું!

સંસ્થા-સંચાલનની સતત કામગીરી છતાં તક મળે ત્યારે જયંતભાઈ 'પશા પટેલના ખેતરમાં તે મજા, મજા, ભાઈ, મજા, મજા!' જેવાં ગીતો બાળકોને ગવડાવે ને કુદાવે. નાટકમાં ખલનાયક તરીકે જમાવટ કરે. દલા તરવાડીનો પાઠ તો અદ્ભુત ભજવે. પપેટ શોના પ્રેમી, જનસંપર્કમાં કુશળ જયંતભાઈ સંસ્થામાં જ શાના પુરાઈ રહે?

એમણે જોયું કે સરકાર પ્રાથમિક શિક્ષણને વિકસાવવા જેવી તત્પર છે તેવી પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે નથી. ઉપવાસ આદિ ગાંધી ચીંધ્યા માર્ગે એમણે તે કાળે સરકારી વલણમાં સમતુલા આણી.

જયંતભાઈ સુધરાઈની ચૂંટણીમાં સ્વતંત્ર રીતે ચૂંટાઈ આવ્યા. શિક્ષણ સમિતિના ચેરમેન થયા. આ જવાબદારોને જવાબ આપવા એમણે નગરપાલિકાની શાળાઓને અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધતમી કરી. શિક્ષકો માટે સ્કાઉટશિબિર કરી. ડેડસ્ટોકનો પ્રશ્ન ઉકેલ્યો. વહીવટી સમાનતા આણી. ચેરમેન જયંતભાઈ તક મળતાં શાળામાં ગીતધારા રેલાવી આવતા.

જયંતભાઈએ સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ બનીને શિક્ષકોના હક્ક-હિત માટે સરકારમાં સફળ રજૂઆતો કરી હતી. જીવનશુદ્ધિ અને સમૃદ્ધિના હેતુ માટે 'વિદ્યામંડળ' સંસ્થા રચી હતી. આ સંસ્થાના નેજા હેઠળ શિક્ષણ, સાહિત્ય, સંસ્કાર, આરોગ્ય અને પ્રાસંગિક પ્રવૃત્તિઓનું આયોજન થતું રહેતું. આમ અનેકવિધ પ્રવૃત્તિઓને લીધે સુરેન્દ્રનગરના ચિત્તમાં જયંતભાઈ છવાઈ ગયા અને જયંતભાઈના ચિત્તમાં સુરેન્દ્રગર છવાયેલું રહેતું.

પરંતુ પરિવારજનોને - ખાસ કરીને માડીજાયા પ્રહલાદભાઈના ચિત્તમાં વડીલ બંધુ જયંતભાઈના અને તેમના ચારેય બાળકોની આર્થિક સલામતી અને ઈચ્છિત વિકાસ માટે ઘટતું કરવાની ઈચ્છા છવાયેલી રહેતી હતી. એમણે આગ્રહપૂર્વકની રજૂઆતો સતત કર્યા કરી. છેવટે જયંતભાઈને વગર મૂડીએ પોતાના વડોદરા ખાતેના કારખાનામાં ભાગીદાર બનાવીને જ જંપ્યા. મને-કમને સુરેન્દ્રનગરની વિદાય લીધી. (૧૯૬૯)

બંધુપ્રેમને વશ થઈ બાળકેળવણીનું પ્રિય ક્ષેત્ર છોડવાનું થતાં એમનું મન કારખાનામાં કોળતું ન હતું. વડોદરા આવ્યા તે જ વરસે કવિ 'કંટક' નો સામેથી પરિચય કરીને હૈયું ઠાલવ્યું :

‘‘આવું સરસ શહેર હોવા છતાં મને એકલું લાગે છે, સવારે કારખાને જાઉં છું, સાંજે પાછો આવું છું; પણ કામમાં દિલ લાગતું નથી. આમ તો મેં આખી જિંદગી બાળકો વચ્ચે કાઢી છે પણ અહીં છે યંત્રો! બાળકોનો સ્નેહભીનો અવાજ યંત્રોમાં સાંભળવા ખૂબ પ્રયત્ન કર્યો છતાં સંભળાતો નથી.’’

બાળકોનો અવાજ સાંભળવાને માટે થઈને ધંધો કરતાં કરતાં પણ તેઓ કેળવણીનું કામ કરતા રહેતા હતા. જો કે કારખાનું પણ મજૂરો સાથેના માનવીય વ્યવહારથી મઘમઘતું રહ્યું. આ ગાળે એમનો બાળકાવ્યસંગ્રહ ‘ચકુબકુ’ (૧૯૭૩) અને ‘વિવિશા’ નામનો ગઝલસંગ્રહ (૧૯૭૪) પ્રકાશિત થયો. તેમાંની એક ગઝલમાં એમણે જાણે ખુદને જ અરીસો ધર્યો છેઃ

‘હા! માન ને અપમાનનાં મૂલ્યો જગતમાં છો રહ્યાં,
પોતે સલામત જ્યાં રહ્યો ત્યાં ત્યાં સર્યો એ માનવી.’

શિશુ, શિક્ષણ અને સાહિત્યજગતમાં શાંતિ-સલામતી જોતા જયંતભાઈએ વડોદરામાં ‘અક્ષરા’ અને ‘ભૂલકાંભવન’ જેવી સંસ્થાઓના સ્થાપનામાં સક્રિય રસ દાખવ્યો. (૧૯૭૯).

મહીકાંઠાનાં કોતરોમાં વાસદ ગામે યોજાયેલ રાષ્ટ્રકક્ષાની યુવાશિબિરમાં જોડાયેલા ચોપન વર્ષના યુવાન જયંતભાઈ મૂકસેવક બબલભાઈ મહેતાથી ખૂબ પ્રભાવિત થયા. બબલભાઈએ તો આ પરિચયથી જન્મેલ આત્મીયતાના અધિકાર સાથે આદેશ જ આપ્યો, ‘‘જયંતભાઈ, તમે શિક્ષણક્ષેત્રમાંથી નિવૃત્તિ લઈ અહીં આવી ધંધા સાથે પણ આ કાર્યને વળગી રહ્યા છો તેનો મને ખૂબ આનંદ છે. તમે આ ધંધામાંથી મુક્ત થઈ શિક્ષણકાર્ય જ કરવા માગો છો તે અભિનંદનીય છે પણ મારી તમને સલાહ ગણો તો તે નહીં તો આદેશ સમજો કે, તમે હવે કોઈ સંસ્થામાં જોડાશો નહીં, અને નવી સંસ્થા ઊભી કરવાનું વિચારશો નહીં, તમારા આજ સુધીના બાળશિક્ષણના અનુભવ, પ્રયોગો સમજ અને આવડતને પ્રચાર-પ્રસાર અર્થે ફરતી યુનિવર્સિટી બની ગુજરાતની સંસ્થાઓને લાભ આપો. જ્યાં અને જ્યારે બોલાવે ત્યારે અનુકૂળતા કરી પહોંચવું તે જ હવે તમારું કાર્ય ગણાવું જોઈએ!’’

અને છેવટે ઉદ્યોગ-ધંધા સાથેના દોઢ દાયકાના (૧૯૬૯-’૮૩) સંબંધના પોટલાંની ઉત્સાહી યુવાનપત્રને સોંપણી કરી. હજુ ગયા વરસે (૧૯૮૨) પ્રકાશિત તેમના મુક્તક સંગ્રહ ‘છીપે છીપે મોતી’માં તેમનો મનોભાવ આ સંદર્ભે વ્યક્ત થયો હતો :

‘કોરા જીવનને આકરા તડકા મળ્યા,
ને ઉવેખવા અસ્તિત્વ વાદળ ગળ્યાં.’

વડોદરામાં દીનાબહેનને તો હવે પુષ્કળ સમય મળતો. ઘેરથી પરવારીને આજુબાજુનાં બાળમંદિરોમાં જાય; બાળકોને ગીતા ગવડાવે ને શિક્ષકોને માર્ગદર્શન આપે. વસંત વિદ્યાલયમાં સુપરવાઈઝર ને શિક્ષક તરીકે પણ ચાર વર્ષ (૧૯૭૦-૭૪) સેવાઓ આપી; ત્યાર પછી સમાજકલ્યાણ મંડળ સંચાલિત બાલવાડીઓને તથા આઈ.સી.ડી.એસ. સંચાલિત કાર્યકર તાલીમકેન્દ્રોમાં પણ માર્ગદર્શન આપતાં રહ્યાં. વચ્ચેવચાળે જ્યારે જ્યારે બાળક સંબંધની પ્રવૃત્તિ કાર્યક્રમો - બાળસભા, માતૃસભા, વાલીસભા, સંગીત - નાટક શાળા, બાળપ્રદર્શન, બાળરેલી, બાળશિક્ષણનગર વગેરે યોજાયાં હોય તે અંગેનું નિમંત્રણ મળે તો તેમાં હાજર રહીને પોતાના ઉત્સાહથી યુવાનોને રંગી દે તેમાં શી નવાઈ? એમના બાળગીત સંગ્રહ ‘છલક છલાણું’ (૧૯૮૯) ની ત્રણ વર્ષમાં ત્રણ

આવૃત્તિઓ થાય તેમાં શી નવાઈ? ગિજુભાઈ જન્મશતાબ્દી (૧૯૮૫)ની ઉજવણી વખતે જરૂરી નાણાં ઉદ્યોગક્ષેત્રમાંથી ઉઘરાવી આપવામાં નોંધપાત્ર ભાગ ભજવે તેમાં શી નવાઈ? મૂળે જીવ જ બાળજગતનો!

પ્રખર ચિંતક ડૉ. ગુણવંત શાહની આગેવાની નીચે જાપાનના પ્રવાસે ગયેલ વીસ વિશ્વશાંતિ યાત્રીઓમાં દીનાબહેન અને જયંતભાઈ પણ સામેલ હતાં. (૧૯૮૬) હિરોશીમામાં સાંજે વિશ્વશાંતિ પરિષદનું ઉદ્‌ઘાટન થયું તે સભામાં આ બાળપ્રેમી બેલડીએ બાળનૃત્યગીત રજૂ કર્યું :

''દાદાજીની લાકડી, લાકડીનો ઘોડો

ઘોડાની પૂંછડી પર માર્યો હથોડો;

દોડ્યો...દોડ્યો...દોડ્યો...

ઘોડો ઊભી પૂંછડીએ દોડ્યો!''

આ નૃત્યમય યુગલગાનને દેશદેશાવરના બસો પ્રતિનિધિઓએ ભાષાભેદ ભૂલીને સૂર, તાળી કે અભિનય દ્વારા દાદ આપી!

વડોદરા જિલ્લા સમાજકલ્યાણ મંડળના પ્રમુખ તરીકે ગ્રામીણ વિસ્તારમાં ચાલતી પસાચ બાલવાડીઓના સંચાલનની જવાબદારી; આંગણવાડી કાર્યકર તાલીમ-કેન્દ્રનું સંચાલન; નૂતન બાળશિક્ષણ સંઘ દ્વારા ચાલતા કાર્યકર પ્રશિક્ષણ શિબિરોનું સંચાલન; બાળઉછેર અંગેની ગુજરાતની એકમાત્ર માસિક પત્રિકા 'બાલમૂર્તિ'નું પ્રકાશન; જાગૃત ગ્રાહક સંસ્થાને સહયોગ; લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલયના પૂર્વપ્રાથમિક વિભાગનું અધ્યક્ષપદ-આવી જવાબદારી ઉંમગભેર સંભાળતા જયંતભાઈ દીનાબહેન સાથે વડોદરા કે ગુજરાતભરમાં જ્યાં જ્યાં બાળકલ્યાણનું કામ ચાલે ત્યાં બંને ત્યાં લગી સમય અને શક્તિ આપે. તેમ કર્યા વિના તેમનાથી રહેવાવાનું જ નથી. શિશુજગતને સમર્પિત આ દંપતી મધુર કંઠે આ ગીત ગાઈને પોતાના પ્રિય જગતને વ્યક્ત કરે છે :

'અમે માછલીઓ ઊંડા જળની, ઊંડા પાણીમાં રહીએ રે...

બહાર કાઢો તો તરફડી મરીએ!'

'મૂછાળી મા' ગિજુભાઈ બધેકાને જોયા-સાંભળ્યા વિના એમનું સામીપ્ય અનુભવતા રહેતા જયંતભાઈ-દીનાબહેનને મળવું તે પણ એક રૂડો અવસર!

''જયંતભાઈ, બાળકો વતી શું તરત કહેવાનું આપમને મન થાય છે?''

''આપણે વગર વિચાર્યે બાળકને જડ ચોકઠામાં પૂરી દઈએ છીએ. બાળક તો બિચારું બીકનું માર્યું આપણે કહીએ એમ કરે છે પણ એ જ વખતે આપણે એના મનમાં આપણા માટે કટુતાનાં વાવતેર કરીએ છીએ. આવું વાવેતર કરીને આપણે માણસો કેવી રીતે ઉગાડવાના?''

''હાલમાં થતા બાળશિક્ષણ અંગે આપના મતે ચિંતાજનક બાબત શી છે?''

''ઈશ્વરભાઈ, ભણતરના દફતરનો ભાર, ભણતરના ભાગરૂપે ઘરકામ, ભણતરની કસોટી માટે પરીક્ષા, શહેરમાં શાળાએ જવા રિક્ષા-આવી કેટલીક બાબતો ચિંતાજનક હોવાનું જણાય છે.''

''દીનાબહેન, બાળમંદિર કક્ષાએ કોણ વધુ અસરકારક : શિક્ષક કે શિક્ષિકા?''

'' શૈશવની જરૂરિયાતો અંગે સામાન્ય રીતે બહેનોને વધુ ખ્યાલ અને અનુભવ હોય છે; તેથી શિક્ષિકા વધુ અસરકારક બને. જોકે માતૃહૃદયથી કામ કરનાર શિક્ષક પણ અસરકારક બને; પણ

એ તો જૂજ અપવાદોમાં. કેટલીક બહેનો પણ અપવાદરૂપે, બાળશિક્ષણ માટે યોગ્ય નથી હોતી તે પણ એટલું જ સાચું છે.''

''આપ બંનેની સહિયારી જીવનભાવના- જંયતભાઈ આપ કહેશો?''

''જન્મ અકસ્માત છે, મૃત્યુ નિશ્ચિત છે, પણ માણસે જીવન કેમ જીવવું તે નક્કી કરવાનું તેના હાથમાં છે. અમે શિક્ષણક્ષેત્ર સ્વીકાર્યું. તેમાં કામ કરતાં નિજાનંદ મળતો રહ્યો; બાળકોની નિર્દોષતા અને નિખાલસતા વચ્ચે જીવવાની મઝા આવી. આવતી કાલના ઉમદા માણસને ઉગાડવાના કામ માટે અમારી સમજ-શક્તિ અને સમય આપવાનો અવસર જ્યાં સુધી જીવન ટકે ત્યાં સુધી મળતો રહે એવી ભાવના છે.''

ગુજરાતના ગૌરવ ને આશિષ સમાન આ બાળભેરુ બેલડીને અદબભેર સલામ!

(સાભાર : શિક્ષણના સિતારા)

---

*(અનુસંધાન પૃષ્ઠ ૧૮ થી ચાલુ)*

એકંદરે દક્ષિણાપથને સ્થાન ઓછું અપાયું છે. આ પણ ગંભીર ખામી લેખાવી જોઈએ.

સ્વાધીનતાના ઝંડાધારીઓનાં જેટલાં ચરિત્રો અપાયાં છે તેટલાં આપવાની જરૂર ન ગણાય. આ દેશની સ્વાધીનતા માટે પંજાબ, રાજસ્થાન, બુંદેલખંડ બધે માથાં મૂકનારા જન્મ્યા છે. માત્ર છેલ્લાં સો વર્ષમાં જ આવા નરવીરો થયા છે તેવું નથી. તેવું ચિત્ર બાળકની પાસે રજૂ થાય તો વાંકુચૂકું ગણાય. વિદ્યાર્થી સમક્ષ એવું જ ચિત્ર ઊપસવું જોઈએ કે આ રાષ્ટ્ર માટે મરનારા છેક ઘણા લાંબા કાળથી સૈકે સૈકે પેદા થતા આવ્યા છે.

આ દેશની સંસ્કૃતિ સમન્વયકારી છે. તો તેમાં વસિષ્ઠ અને સ્મૃતિકાર મનુને સ્થાન અપાવું જોઈતું હતું, વિવિધ જાતિઓના સમન્વય માટે એમણે જે રસ્તા ચીંધ્યા તેની નોંધ બાળકનું મન લે તે જરૂરી છે.

આ પાઠ્યપુસ્તક સંબંધે એ પણ કહેવું જોઈએ કે રાજ્ય જ આવાં પાઠ્યપુસ્તકો બહાર પાડે તે ખોટું છે. આ દેશના ઈતિહાસના માળખાની મર્યાદામાં નિયમ મુજબ એકથી વધારે પ્રકારનાં પાઠ્યપુસ્તકો લખવાં જોઈએ, બધી જ પ્રતિભા અને આવડત રાજ્યના સંચાલનમાં જમા થઈ ગઈ છે અને પ્રજાના ખજાનામાં દરિદ્રતા અને દરિદ્રતા ભરી છે, તેના જેવું બીજું વિચારદારિદ્રય કયું છે?

આ પુસ્તક એવા વિચારદારિદ્રયનું સંતાન છે, એટલે સ્વાભાવિક રીતે જ દોષમય હોય.

ગુજરાતમાં આથી સારાં ઈતિહાસનાં પાઠ્યપુસ્તકો હતાં અને લખી શકાયં હોત જ.

રાજ્યના હાથમાં આ ઈજારો પાછો લઈ, નિયત માળખામાં, નિયમાનુસાર ઈતિહાસપ્રેમી શિક્ષકો એકમેકથી ચડિયાતાં પાઠ્યપુસ્તકો આપે તેવી માગ થવી જોઈએ. પાંદડાં તોડવાનો અર્થ ઓછો જ છે, કુહાડો મૂળમાં મૂકાવો જોઈએ.

સાભાર : ઈતિહાસ અને કેળવણી

❀ ❀ ❀

એક વખત મતાગ્રહનું ઝેર ચિત્તમાં ફેલાઈ જાય પછી માનવવ્યવહારો એનાથી મુક્ત રહી શકતા નથી.

❀

મેં અનુભવ્યું છે કે મારી નિષ્ફળતાઓ મને મારી ભાવિ માર્ગમાં વધારે પ્રોત્સાહિત બનાવે છે.

**- હરભાઈ ત્રિવેદી**

❀ ❀ ❀

# યમુનારાણી

- કાકા કાલેલકર

આપણે સૌ દેશની નદીઓની પરિસ્થિતિથી ચિંતિત છીએ. દેશની તમામ નાની-મોટી નદીઓને કિનારે શહેરીકરણ થયું છે. શહેરની ગંદકી નદીઓમાં ઠલવાય છે. ડેમને કારણે પર્યાવરણનું સંતુલન પણ ખોરવાયું છે ત્યારે અમને કાકાસાહેબ કાલેલકરના નદી ઉપરના નિબંધો યાદ આવ્યા. ''જીવનલીલા'' માં કાકાસાહેબે ભારતની નદીઓનો પરિચય જુદા જ દૃષ્ટિકોણથી કરાવ્યો છે. અમે આ નિબંધો ક્રમશઃ પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો છે જે ઘરશાળાના વાચકોને જરૂર ગમશે.

- તંત્રી

હિમાલય તો ભવ્યતાનો ભંડાર છે. જ્યાં ત્યાં ભવ્યતા વેરી દઈ ભવ્યતાની ભવ્યતા ઓછી કરવી એ જ જાણે હિમાલયનો વ્યવસાય છે. છતાં એવા હિમાલયમાં એક સ્થાન એવું છે કે જેની ઉર્જસ્વિતા હિમાલયવાસીની પણ નજરે ચડે છે. યમરાજની બહેનું એ ઊગમસ્થાન છે.

ઊંચેથી બરફ પીગળીને મોટો ધોધ પડે છે. આસપાસ ગગનચુંબી નહીં પણ ગગનભેદી ઘરડાં વૃક્ષો આડાં પડી કોહી જાય છે. ઉત્તુંગ પહાડો યમદૂતોની પેઠે રક્ષણ કરવા ઊભા છે. ઘડીકમાં પાણી થીજીને બરફ થાય છે, અને ઘડીકમાં બરફ ઓગળી એનું બરફ જેટલું ઠંડું પાણી થાય છે. એવે ઠેકાણે જમીનમાંથી અદ્‌ભૂત રીતે ઊકળતું પાણી ઊછળે છે. બાષ્પયંત્રમાંથી ક્રોધાયમાન વરાળ છૂટતી હોય તેવો અવાજ જમીનમાંથી આવે છે અને ઝરણમાંથી માથોડું ઊંચાં ઊડતાં ટીપાં એવી ઠંડીમાં પણ માણસને દઝાડે છે. એવા લોક-ચમત્કારી સ્થાનમાં અસિત ઋષિએ યમુનાનું મૂળ શોધ્યું. આ સ્થાને શુદ્ધ જળમાં સ્નાન અશક્ય જેવું છે. ટાઢે પાણીએ નાહીએ તો કાયમના ટાઢા પડી જઈએ અને ગરમ પાણીમાં નાહીએ તો ત્યાં ને ત્યાં જ બટાટાની પેઠે બફાઈ જઈએ. એટલા માટે જ ત્યાં મિશ્ર જળના કુંડ તૈયાર કરેલા છે. એક ઝરણા ઉપર એક ગુફા છે. એમાં લાકડાનાં પાટિયાં મૂકી સૂઈ શકાય છે. માત્ર આખી રાત અવારનવાર પાસું ફેરવવું જોઈએ, કેમ કે ઉપરની ઠંડી અને નીચેની ગરમી બંને અસહ્ય હોય છે.

બ બહેનોમાં ગંગા કરતાં યમુના મોટી છે, પ્રૌઢ છે, ગંભીર છે, કૃષ્ણભગિની દ્રૌપદી જેવી કૃષ્ણવર્ણા તેમ જ માનિની છે. ગંગા જાણે બિચારી મુગ્ધ શકુન્તલા જ, પણ દેવાધિદેવે એનો સ્વીકાર કાર્યો એટલે યમુનાએ પોતાનું મોટપણ છોડી ગંગાને જ મુરબ્બીપણું સોંપી દીધું. આ બંને બહેનો એકબીજાને મળવા અતિશય આતુર દેખાય છે. હિમાલયમાં એક ઠેકાણે તો લગભગ પાસે આવી જાય છે. પણ અદેખો દંડાલ પર્વત વચમાં વિઘ્નસંતોષીની પેઠે આડો પડવાથી એમનું મિલન ત્યાં થતું નથી. કાવ્યહૃદયી એક ઋષિ ત્યાં

યમુનાને કાંઠે રહીને રોજ ગંગાસ્નાને જતો. પણ જમતો હતો પાછો આવી યમુનાને ઘેર. એ ઘરડો થયો (ઋષિઓ પણ અંતે ઘરડા થાય છે), ત્યારે એના થાકેલા પગ પર દયા ખાઈ ગંગાએ પોતાના પ્રતિનિધિરૂપ એક નાનકડું ઝરણું યમુના કાંઠે ઋષિના આશ્રમે મોકલી દીધું. આજે પણ એ નાનકડો ધોળો પ્રવાહ એ ઋષિને સ્મરતો વહે છે.

દેહરાદૂન પાસે પણ આપણને આશા ઊપજે છે કે આ બે નદીઓ એકબીજીને મળશે. પણ ના, પોતાના શૈત્યપાવનત્વથી આખો અંતર્વેદીનો પ્રદેશ પુનિત કરવાનું કર્તવ્ય પાર પાડ્યા પહેલાં એમને એકબીજીને મળી ફુરસદની વાતો કરવાનું કામ સૂઝે? ગંગા તો ઉત્તરકાશી, ટેહરી, શ્રીનગર, હરદ્વાર, કનોજ, બ્રહ્માવર્ત, કાનપુર વગેરે પુરાણ અને ઇતિહાસ પ્રસિદ્ધ સ્થાનોને ધવડાવતી દોડે છે, જ્યારે યમુના કુરુક્ષેત્ર અને પાણીપતના હત્યારા ભૂમિભાગ નિહાળતી, ભારતવર્ષની રાજધાની પાસે આવી પહોંચે છે. યમુનાનાં પાણીમાં સામ્રાજ્યની શક્તિ હોવી જોઈએ. એના સ્મરણ-સંગ્રાહલયમાં પાંડવોથી માંડીને મોગલ સામ્રાજ્ય સુધીની અને બળવાના દિવસથી માંડીને સ્વામી શ્રદ્ધાનંદજીના ખૂન સુધીની બધી તવારીખ ભરેલી છે. દિલ્હીથી આગ્રા સુધી બાબરના વંશજો જ આપણી સાથે વાતો કરવા માગતા હોય એમ જણાય છે. બંને નગરોના કિલ્લાઓ સામ્રાજ્યના રક્ષણ માટે નહીં પણ યમુનાની શોભાના નિરીક્ષણને માટે બાંધેલા હોય એમ લાગે છે. મોગલ સામ્રાજ્યનાં નગારાં તો શાંત પડ્યાં, પણ મથુરાવૃંદાવનની બંસરી હજીય વાગે છે.

મથુરાવૃંદાવનની શોભા કંઈ અનેરી જ છે. આ પ્રદેશ જેટલો રમણીય તેટલો જ સમૃદ્ધ છે. હરિયાણીની ગાયો એમના મીઠા સરસ, સકસ દૂધને માટે હિંદુસ્તાનમાં પ્રખ્યાત છે. યશોદામાતાએ અથવા ગોપરાજા નંદે પોતે આ સ્થાન પસંદ કર્યું હતું. એ જાણે અહીંની ભૂમિ ભૂલી શકતી જ નથી. મથુરાવૃંદાવન એટલે બાલકૃષ્ણની ક્રીડાભૂમિ, વીરકૃષ્ણની વિક્રમભૂમિ. દ્વારકાવાસ છોડી દઈએ તો શ્રીકૃષ્ણના જીવન સાથે કાલિંદીએ જ વધારેમાં વધારે સહકાર કર્યો છે. જે યમુનાએ કાલિયમર્દન જોયું એ જ યમુનાએ કંસનો શિરચ્છેદ ભાળ્યો. જે યમુનાએ હસ્તિનાપુરના દરબારમાં શ્રીકૃષ્ણની સચિવવાણી સાંભળી એ જ યમુનાએ રણકુશળ શ્રીકૃષ્ણની યોગમૂર્તિ કુરુક્ષેત્ર પર વિચરતી નિહાળી. જે યમુનાએ વૃંદાવનની પ્રણયબંસરી સાથે પોતાનો કલરવ મેળવ્યો, એ જ યમુનાએ કુરુક્ષેત્ર પર રોમહર્ષણ ગીતાવાણીનો પડઘો પાડ્યો. યમરાજની બહેનનું વીરાપણું શ્રીકૃષ્ણને જ છાજે.

જેણે ભારતવર્ષના કુળનો અનેક વાર સંહાર જોયો છે એ યમુનાને પારિજાતના ફૂલસમી તાજબીબીનું અવસાન કેટલું મર્મભેદી થવાનું હતું? છતાં પ્રેમસમ્રાટ શાહજહાંનાં થીજેલાં આંસુઓનું પ્રતિબિંબ પાડતા રહેવાનું એણે સ્વીકાર્યું છે.

ભારતીય કાળમાં પ્રખ્યાત થયેલી વૈદિક નદી ચર્મણ્યવતીનો કારભાર લઈ યમુના જ્યાં આગળ વધે છે ત્યાં મધ્યયુગીન ઇતિહાસની ઝાંખી કરાવતી નાની શી સિંધુ નદી આવીને ખડી થાય છે.

હવે યમુનાને ઉતાવળ થઈ છે. આટઆટલા

દિવસ થયાં બહેન ગંગાનું દર્શન નથી. કહેવાની વાતો પેટમાં માતી નથી. પૂછવાના સવાલ પાર વિનાના ભેગા થયા છે. કાનપુર અને કાલ્પી બહુ દૂર નથી. અહીં ગંગાની ભાળ કાને પડી એ આનંદથી જ મોઢામાં સાકર નાખી યમુના જે દોડી તે પ્રયાગરાજમાં ગંગાના ગળામાં બાઝી પડી. શો બંનેનો ઉન્માદ! મળ્યાં તોયે જાણે એમને સાચું ન લાગે કે આપણે મળ્યાં છીએ. ભારતવર્ષના એકેએક સાધુસંત એ પ્રેમસંગમ જોવા ભેગા થયા છે, પણ બહેનોનું એનું ભાન નથી. આંગણે અક્ષયવટ ઊભો છે એની એમને પરવા નથી. વૃદ્ધ અકબર છાવણી નાખીને પડ્યો છે એને પૂછે જ કોણ? અને અશોકનો શિલાસ્તંભ આણીને ત્યાં ઊભો કરો તોયે શું બહેનો એ તરફ નજર નાખવાની હતી?

પ્રેમનો પ્રવાહ અખંડ વહ્યા જ કરે છે, અને એની સાથે કવિસમ્રાટ કાલિદાસની સરસ્વતી પણ અખંડ વહે છે!

क्वचित् प्रभा-लेपिभिर् इन्द्रनीलैर् मुक्तामयी यष्टिरिवानुविद्धा।
अन्यत्र माला सितपंकजानाम् इन्दीवरैर् उत्खचितान्तरेव॥
क्वचित् खगानां प्रिय-मानसानां कादंबसंसर्गवतीव पंक्ति:।
अन्यत्र कालागरुदत्तपत्रा भक्तिर् भुवश्चन्दनकल्पितेव॥
क्वचित् प्रभा चांद्रमासी तमोभिश्छायाविलीनैः शबलीकृतेव।
अन्यत्र शुभ्रा शरद् अभ्रलेखा-रन्ध्रेष्विवालक्ष्यनभः प्रदेशाः॥
क्वचित् च कृष्णोरगभूषणेव भस्मांग-रागा तनु ईश्वरस्य।
पश्यानवद्यांगि! विभाति गंगा भिन्नप्रवाहा यमुनातरंगैः॥

(હે નિર્દોષ અંગવાળી સીતે! જો આ ગંગાના પ્રવાહમાં યમુનાના તરંગો ધસી જઈને એ પ્રવાહને ખંડિત કરે છે એ કેવું લાગે છે! ક્યાંક એવું ભાસે છે, જાણે મોતીની માળામાં પરોવેલા ઈન્દ્રનીલ મણિ મોતીની પ્રભાને ઝાંખી કરી નાખે છે. ક્યાંક એવું ભાસે છે, જાણે ધોળા કમળના હારમાં નીલ કમળ ગૂંથી દીધેલાં છે. ક્યાંક જાણે માનસરોવર જતા શ્વેત હંસોની સાથે કાળા કાદંબ ઊડી રહ્યા છે. ક્યાંક જાણે શ્વેત ચંદનથી લીંપેલી જમીન પર કૃષ્ણાગરુનાં ચિતરામણ કર્યાં છે. ક્યાંક જાણે ચંદ્રની પ્રભા સાથે છાયામાં સૂતેલા અંધકારની રમત ચાલી રહી છે. ક્યાંક જાણે શરદઋતુના શુભ્ર મેઘની પાછળથી આકાશ જરા જરા દેખા દે છે. અને ક્યાંક એવું દેખાય છે, જાણે મહાદેવના ભસ્મચર્ચિત દેહ ઉપર કૃષ્ણ સર્પોનાં આભૂષણ ધરેલાં છે.)

કેવું સુંદર દૃશ્ય! ઉપર પુષ્પક વિમાનમાં મેઘશ્યામ રામચંદ્ર અને ધવલશીલા જાનકી ચૌદ વર્ષના વિયોગ પછી અયોધ્યા પહોંચવાને ઉતાવળાં થયાં છે, અને નીચે ઈન્દીરવરશ્યામ કાલિંદી અને સુધાજલા જાહ્નવી એકબીજાનો પરિરંભ છોડ્યા વગર સાગરમાં નામરૂપ તજીને વિલીન થવા દોડે છે. એ દૃશ્ય જોઈ સ્વર્ગમાંથી પુષ્પવૃષ્ટિ થઈ હશે અને ભૂતલ પર કવિઓની પ્રતિભાસૃષ્ટિના ફુવારા ઊડ્યા હશે!

(સાભાર : કાકાસાહેબ કાલેલકરનું જીવન કાવ્ય)

# કેળવણીના કિનારે : શાળા-કોલેજનું પ્રવાસરૂપી ઘરેણું છીનવાઈ ગયું!

- ડૉ. અશોક પટેલ

યાદ કરો આજથી ૧૦ વર્ષ પહેલાંની શાળા-કૉલેજોના પ્રવાસો. દિવાળી વેકેશનમાં ૧૦-૧૫ દિવસના પ્રવાસો થતા. આજે કોઈ શાળા-કૉલેજોમાંથી એવા પ્રવાસો થતા નથી. અરે, હવે તો એક દિવસની પિકનિક લઈ જવાનું પણ શાળાઓએ બંધ કરી દીધું. કારણ સરકાર, વાલી અને અમુક અંશે શાળા સંચાલકો.

શૈક્ષણિક પ્રવાસ એ તો સર્વાંગી વિકાસ માટેનું સાધન છે. દસ-બાર દિવસના બે પ્રવાસ વિદ્યાર્થીના વાણી, વિચાર અને વર્તનમાં પરિવર્તન લાવે. આ પરિવર્તન તેને સાહસિક, સાહજિક અને સામાજિક બનાવે. વિવિધ પરિસ્થિતિમાં નિર્ણય લેવા, સવારે જાતે વહેલાં ઊઠવું, તૈયાર થવું, સમયસર કામ આટોપી લેવું, યોગ્ય ભાવથી ખરીદી કરવી, પૈસાનો હિસાબ રાખવો વગેરે આનંદ સાથે શીખવા મળે છે.

મા-બાપ સાથે કરેલા પ્રવાસ કરતાં શાળાના મિત્રો સાથે કરેલો પ્રવાસ વધુ આનંદદાયી અને યાદગાર રહે છે. પરંતુ હમણાંથી વાલીનો અને સરકારનો અભિગમ બદલાઈ ગયો છે, જેના કારણે શિક્ષકો પ્રવાસ કરાવવા માટે ડરવા લાગ્યા છે. શાળા-કૉલેજોમાં પ્રવાસનું આયોજન થાય ત્યારે વિદ્યાર્થી પ્રતિનિધિમંડળ કે વાલીનાં વિચારો અને સૂચનોને ધ્યાને રાખીને જ આયોજન થતું હોય છે.

પ્રવાસમાં વિદ્યાર્થીઓને ઓછામાં ઓછી મુશ્કેલી અને વધુમાં વધુ આનંદ મળે તે માટે મથામણ કરતા શિક્ષકને પ્રવાસના અંતે આત્મસંતોષ સિવાય કશું જ મળતું હોતું નથી, પણ અત્યારના સંજોગોમાં સરકાર અને વાલી બન્ને તરફથી અપજશ. જેથી હવે શિક્ષકો અને શાળા વિચારવા લાગ્યાં છે કે શા માટે પ્રવાસ લઈ જવો. એના કરતાં કુટુંબ સાથે પ્રવાસ કેમ ના કરવો.

મમ્મી-પપ્પા સાથે બાળક પ્રવાસમાં જાય અને કોઈ આકસ્મિક ઘટના બને, બાળક પડી જાય, નાની સરખી ઈજા થાય તો વાલી બાળકને ધમકાવશે કે, ધ્યાન નથી આપતો, જોઈને ચાલને વગેરે, પણ આ બાળક શાળાના પ્રવાસમાં જાય અને જો એવી કોઈ ઘટના બને તો વાલી શિક્ષક પર તૂટી પડશે કે તમે શું ધ્યાન આપ્યું? વગેરે.

અહીં આવા વાલીને કહેવાની ઈચ્છા થાય કે, તમારી પાસે તો એક જ બાળક હતું છતાં તમે ધ્યાન ના આપી શક્યા, જ્યારે શિક્ષક સાથે તો ત્રીસથી પચાસ વિદ્યાર્થી હોય છે. છતાં શિક્ષક પૂરી નિષ્ઠાથી કાળજી રાખતો જ હોય છે. વાલી પ્રવાસમાં જાય અને કોઈ મુશ્કેલી પડે તો બચાવ કરતા કહેશે કે, પ્રવાસમાં તો આવું થાય, ચલાવી લેવાનું વગેરે, પણ શાળા-કૉલેજમાં કોઈ મુશ્કેલી પડે તો?

*(અનુસંધાન પૃષ્ઠ ૩૮ ઉપર)*

# ક્રિકેટની ટર્મિનોલૉજીમાં નિહિત શિક્ષણની ટર્મિનોલૉજી

- ડૉ. સંજય આર. તલસાણીયા
(અધ્યાપક - તાલીમ ભવન, ભાવનગર)

વહાલા વિદ્યાર્થી મિત્રો, સાંમ્પ્રત સમયમાં ડોકિયું કરીએ તો જણાય છે કે પરીક્ષાની સાથે ક્રિકેટ (IPL)નો માહોલ પણ રાજ્ય તેમજ દેશમાં વ્યાપક બનતો જાય છે. ક્રિકેટ ચાહકો અને પરીક્ષામાં અવ્વલ આવનાર તેમજ વર્ષભર મહેનત કરનારને તેની પ્રતિક્ષા હોય એ સ્વાભાવિક છે. એવે વખતે શિક્ષણમાં નિહિત ક્રિકેટની અલૌકિક ટર્મિનોલોજીને સમજવાનો પ્રયત્ન કરીએ.

**શબ્દાવલી**

કોચ - આચાર્ય
કેપ્ટન - શિક્ષક
વાઈસ કેપ્ટન - વિષય શિક્ષક
પેવેલિયન - શાળા
મેદાન - વર્ગખંડ
પીચ - અભ્યાસક્રમ અને પુસ્તકો
બેટ - વિદ્યાર્થીકર્મ
બૉલ - શૈક્ષણિક સાધન, સામે આવતી તક
બૉલર - પરીક્ષાઓ
ફીલ્ડર - પરીક્ષાર્થીઓ
અમ્પાયર - પરીક્ષક
સ્કોર - માર્કશીટ

**અનેક પ્રકારના સ્કોરિંગ શોટ્સ**

સ્ટ્રેઈટ ડ્રાઈવ - સફળતા
લેટ કટ - ધૈર્ય
શોટ કટ - માનસિક પવિત્રતા
કવર ડ્રાઈવ - કૌશલ્ય
હૂક શોટ - હિંમત
આકર્ષક સ્કેવર ડ્રાય - રસ/રુચિ
સ્લીપ એન્ડ સ્વીટ શોટ - મૈત્રી

**આઉટ થવાની રીતો**

ક્લીન બોલ્ડ - પરીક્ષામાં ચોરી
કેચ આઉટ - દુર્ગુણો
રન આઉટ - વ્યસનો
હીટ વિકેટ - સમયનો વ્યય
હેન્ડ ધ બોલ - સ્વ જાગૃતતાનો અભાવ, આળસ
લેગ બીફોર - કહ્યું ન કરવું (માતા-પિતા, શિક્ષકો)
સેલ્ફ આઉટ - મોબાઈલનો અતિ ઉપયોગ

**સાવધાન**

- વ્યસનરૂપી રાક્ષસ વિકેટકીપરની જેમ પાછળ બાજુ નજરે ઊભો જ છે.
- હેતુ વગરના કાર્યથી શોર્ટ લેગ પર કેચ થઈ શકે છે.
- દૂરદર્શિતા નહીં રાખીએ તો લોગઓન પર પકડાઈ જવાય.
- જાત અને જીભ ઉપર સંયમ નહીં રહે તો સ્લીપમાં ૧, ૨ અને ૩ ફિલ્ડરો તાકીને ઊભા જ છે.
- બેલેન્સ નહીં રાખી તો મીડઑન પર કેચ અપાઈ જશે.
- મને કહેનાર કોણ!! એવું વિચારશો તો

થર્ડમેનરૂપી SMC અધ્યક્ષ શાળામાંથી આઉટનો આદેશ આપશે.

- સભાનતા નહીં હોય તો ગલી (માર્કશીટ) માં રન (ગુણ) ઓછા આવી શકે છે.
- વારંવાર મૂડ ઑફ રહેવાથી મીડઑફ પર અન્ય ખેલાડી (વિદ્યાર્થી)થી પાછળ જ રહી શકો છો.
- અયોગ્ય વર્તન બદલ મેચ રેફરી (આચાર્ય) દંડ પણ ફટકારી શકે છે.

**બોલિંગ**

- નિષ્કાળજીરૂપી વલણઅંતર અંતર્મુખતા તરફ દોરી જાય છે.
- અહંકારને નહીં પારખી શકો તો સ્વંયંભૂ અહિત થઈ શકે છે.
- સ્મૃતિને સ્વિચ ઑફ કરવી તે અભ્યાસક્રમની બેદરકારી સાબિત કરે છે અને લેગ સ્પીન બોલિંગનો સામનો કરવો પડશે. તેથી અભ્યાસ કરતાં રહેવું અનિવાર્ય છે.

આ ઉપરાંત મનના મૂંઝવણના ગુગલી બૉલ તો ફેંકાતા જ રહેશે.

**ચારેય કૌશલ્યમાં અલગ અલગ રન સ્કોરિંગ**

**જ્ઞાન**

ઉપર ઉપરથી સમજ - ૨ રન (અભ્યાસમાં સારા ગુણ)

આંતરિક સમજ - ૪ રન (અભ્યાસમાં ઘણા સારા ગુણ)

ઉચ્ચકોટિના જ્ઞાનની પ્રાપ્તિ - ૬ રન (અભ્યાસમાં ઉત્કૃષ્ટ ગુણ)

**સમજ**

અસાધારણ સમજ - ૧ રન (અભ્યાસમાં સામાન્ય ગુણ)

ચિંતન સાથે મનન - ૨ રન (અભ્યાસમાં સારા ગુણ)

ઊંડી સમજ - ૪ રન (અભ્યાસમાં ઘણો સારો દેખાવ)

અંતર ગુહ્ય સમજ - ૬ રન (અભ્યાસમાં ચિંતન)

**ઉપયોજન**

જ્ઞાનનો સામાન્ય ઉપયોગ - ૩ રન (અભ્યાસ ઉપરાંત વ્યવહારૂ સમજ)

જ્ઞાનનો વિવેકપૂર્વક ઉપયોગ - ૪ રન (અભ્યાસ ઉપરાંત સ્કૂલમાં માન-પાન)

જ્ઞાનનો ઉચ્ચ કોટિનો સમન્વય - ૬ રન (અભ્યાસ ઉપરાંત વ્યવહારમાં અનન્ય સિદ્ધિ)

**સર્જનશીલતા**

લેખિત અભિવ્યક્તિ - ૨ રન (લેખનમાં સારો દેખાવ)

મૌખિક અભિવ્યક્તિ - ૪ રન (મૌખિક અને વાચિક અભિવ્યક્તિમાં ખૂબ સારો દેખાવ)

ચિંતનાત્મક અભિવ્યક્તિ - ૬ રન (તાર્કિક ચિંતનમાં સારો દેખાવ)

**રીઝલ્ટ**

- મેન ઑફ ધ મેચ - જિલ્લા અને રાજ્યમાં પ્રથમ રેન્ક
- મેન ઑફ ધ સીરીજ - વર્ગખંડમાં પ્રથમ રેન્ક
- વિજેતા ટીમના સભ્યો - વર્ગખંડના વિદ્યાર્થીઓ
- મેદાન પરના દર્શકો - SMC સભ્યો
- ટીવી દર્શકો - વાલી અને ગ્રામજનો
- કોમેન્ટરો - બીઆરસી, સીઆરસી, ટીપીઓશ્રી
- ઈનામ વિતરણ - અનન્ય સિદ્ધિ બદલ જિલ્લા, રાજ્ય અને નશનલ કક્ષાએ પ્રોત્સાહિત ઈનામ વિજેતા અને પ્રસિદ્ધિ.

*(અનુસંધાન પૃષ્ઠ ૩૮ ઉપર)*

# વિદ્યાર્થી આલમ

## અહેવાલ-૧ : નવી શિક્ષણનીતિ એ જ રાષ્ટ્રોદયનો શ્રેષ્ઠ વિકલ્પ છે.

- શેખ શાહિસ્તાબાનુ મો. ફારૂક
ભૂ.પૂ.વિ., જે. એન. બાલિકા

''સાંપ્રત નવી શિક્ષણનીતિ એ જ રાષ્ટ્રોદયનો શ્રેષ્ઠ વિકલ્પ છે કે કેમ?''

અને તેનાથી રાષ્ટ્રને શું નુકસાન થવાનું છે તેના વિપક્ષમાં હું તમારી સમક્ષ મારું વકતવ્ય રજૂ કરવા માંગું છું.

''શિક્ષણ સમાજસુધારણા માટે ખૂબ જ અગત્યનું સાધન છે.''

- નેલ્સન મંડેલા

આપણો દેશ પ્રાચીનકાળથી શિક્ષણનું કેન્દ્ર રહ્યું છે. ગૌતમ બુદ્ધે ઊભી કરેલ નાલંદા અને તક્ષશિલા વિદ્યાપીઠોમાં દેશ અને દુનિયાના લોકો શિક્ષણ પ્રાપ્ત કરતા હતા.

શિક્ષણ થકી જ સ્વંયનું, રાષ્ટ્રનું ઉત્થાન શક્ય બને છે. શિક્ષણ થકી જ દશા અને દિશા મળે છે. ભારતીય બંધારણે દરેક વ્યક્તિને શિક્ષણ મેળવવાનો અધિકાર છે તેમ કહ્યું છે. જાપાન, અમેરિકા અને યુરોપના દેશો આજે મોખરે છે તેનું એક માત્ર કારણ ઉત્તમ કક્ષાનું શિક્ષણ છે.

ઈસરોના પૂર્વ વૈજ્ઞાનિક કસ્તુરી રંજનની અધ્યક્ષતામાં જે કાર્ય સંપન્ન થયું, નવી શિક્ષણ નીતિનો જે દસ્વાતેજ તૈયાર કર્યો છે તે કુલ ૧૦૮ પેજનો છે અને કમનસીબે ૧૦૮ એ એમ્બ્યુલન્સ માટેનો પણ નંબર છે અર્થાત્ શિક્ષણનો મૃત્યુઘંટ?

પહેલાના સમયમાં વિદ્યાર્થી કોઈ એક ક્ષેત્રમાં નિષ્ણાત બને નિપુણ બને તેવું શિક્ષણ આપવામાં આવતું. હવે એવું નહીં બને મલ્ટીપલ કોર્સીસ લેવાથી જે-તે વિષયનું ઊંડું જ્ઞાન મેળવવામાં આવતું હતું. તેના બદલે નવી શિક્ષણનીતિમાં કોઈ વિજ્ઞાન કે IITનો વિદ્યાર્થી પણ ટાગોર, કાલિદાસ, પ્રેમચંદને ભણી શકશે. સાંભળવામાં તો ખૂબ સારું લાગે છે પણ વાસ્તવમાં વિદ્યાર્થીની હાલત તો ન ઘરના કે ન ઘાટના જેવી હાલત જોવા મળશે. કોઈ એકાદ બાળકમાં એવી પ્રતિભા હોઈ શકે છે. તે ઘણા ક્ષેત્રોમાં કાબિલિયત ધરાવી શકે પરંતુ તેની પાછળના ૯૦% બાળકોનું શું થશે? કોઈ એકાદ માટે સમગ્ર બાળકોને તે લાગુ ન જ થવું જોઈએ. અન્યથા હિન્દીમાં કહેવત છે તેમ

''કહીં કી ઈંટ, કહીં કા રોડા
ભાનુમતી કા કુનાબા થોડા...''

જેવા ખેલ જોવા મળશે.

નવી શિક્ષણનીતિને કારણે ખાનગીકરણનું પ્રમાણ વધશે. ટોપ ગ્લોબલ રેન્કીંગ ધરાવતી યુનિવર્સિટીઓને ભારતમાં પોતાની બ્રાંચ સ્થાપવાની અનુમતી આપવામાં આવશે. પરદેશ યુનિવર્સિટીઓનો ધ્યેય એ માત્રને અને માત્ર પૈસા કમાવવાનો જ હશે. તેવા સંજોગોમાં સામાન્ય વર્ગના બાળકો તો શિક્ષણથી વંચિત જ રહેવાના છે.

જેમને હતુ વિકાસના પગથિયાં ચઢવાં હવે એ વાત તો દૂર છે તે જોવા પણ નહીં મળે. એવા લોકો માટે નવી શિક્ષણ એ અભિશાપ બની જશે.

યુનિવર્સિટીઓની સ્વાયત્તતા સંપૂર્ણ રીતે ખતમ થઈ જવાની છે. હાલમાં દેશભરમાં ૪૫૦૦૦ જેટલી કૉલેજો છે અને નવી શિક્ષણનીતિ અનુસાર ૨૦ વર્ષમાં આ ૪૫૦૦૦ કૉલેજોને મર્જ કરી, બંધ કરી ૧૫ હજાર કરી દેવામાં આવશે અને વળી તેને ૩ ગ્રેડમાં બનાવવામાં આવશે.

A, B અને C, A ગ્રેડ અંતર્ગત તેને કારકીર્દિ માટે કોઈ પણ પ્રકારની નાણાંકીય મદદ નહીં મળે. સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટીઓનો રાફડો ફાટી નીકળશે. તેની ફીનો તમે કંઈક અંદાજો લગાવી શકો છો ખરાં?

બરાબર એવું જ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં થવાનું છે. જે ગામની શાળાઓમાં ૩૦૦૦થી ઓછા વિદ્યાર્થીઓ હશે તે શાળાઓને બંધ કરવામાં આવશે. વિચારો કે આપણું ભવિષ્ય એ કેવું અંધકારમય બની જવાનું છે. આવાતી એ કયા પ્રકારના રાષ્ટ્રનું ઉત્થાન થવાનું છે?

શિક્ષણથી વંચિત રહી જનારા લોકો દુનિયાને શું બદલી શકવાના ખરાં?

શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય તેવું કરવાને બદલે કંઈક બીજું જ કામ થઈ રહ્યું છે.

વૈજ્ઞાનિક અભિગમ વિકસે તેવી નવી શિક્ષણનીતિમાં સંનિષ્ઠ પ્રયાસો થવાને બદલે નકામી, બિનજરૂરી, તર્કસંગત ન હોય તેવી, ઘણી બાબતો મૂકવામાં આવી છે.

જે આપણા રાષ્ટ્ર માટે સાધક નહીં પરંતુ બાધક બની રહેવાની છે.

માનવી સક્ષમ બને, સમાન અને ન્યાયી સમાજનો વિકાસ થાય તે માટે શિક્ષણ એ રાજયની મૂળભૂત જરૂરિયાત છે અને નવી શિક્ષણનીતિએ મૂળભૂત જરૂરિયાતનો છેદ ઉડાડી રહી છે. આ નવી શિક્ષણનીતિ વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં સૃષ્ટિમાં વ્યાપી શિક્ષણ, કેળવણીને ભાવિ શિક્ષણને અંધકારમય બનાવવાનો પ્રયત્ન છે.

તે New Education Policy નથી તે તો New Exclude Policy છે.

''વિદ્યાર્થીઓના સ્વપ્નાઓ થશે ચકનાચૂર
નવી શિક્ષણનીતિનો આ જ છે સૂર...''

આભાર, અસ્તુ...!

❀ ❀ ❀

## અહેવાલ-૨ : ભારતનું સર્વશ્રેષ્ઠ બાળ-યુવાધન

**- સૈયદ સાનિયા મો. સલીમ**
**ભૂ.પૂ.વિ. જે. એન. બાલિકા**

વર્તમાન સમયે ભારતદેશમાં વિકાસ-પ્રણાલીની વાત કરીએ તો વિકસિત દેશનો મજબૂત પાયો છે. આપણા દેશનું 'યુવાધન'. સાથે-સાથે શિક્ષણની વાત કરીએ તો ''ભારતની શિક્ષણપ્રણાલી ખોટી નથી, પરંતુ અધુરી છે.'' જો આપણા વિકસિત દેશની (ખોજ) શોધ છે. તો સૌપ્રથમ ભારતના યુવાધનનો વિકાસ કરવો પડશે. તે માટે ભારતનાં યુવાનોમાં સ્વજાગૃતિ અને સર્જનાત્મકતાનાં બીજ રોપવાં પડશે. કારણ કે, 'સ્વનિરિક્ષણ વિનાનું જીવન જીવવા જેવું હોતું નથી.' રાષ્ટ્રના નિર્માણ માટે ઉચ્ચ દૃષ્ટિ હોવી સૌથી આવશ્યક વસ્તુ છે. યુવાનો અને

યુવતીઓએ સામાજિક સુસંવાદિતતાવાળા એક વિકસિત રાષ્ટ્રમાં જીવવાનું સ્વપ્ન સેવવું જોઈએ અને દુનિયાના સૌથી યુવાન રાષ્ટ્રનાં પ્રબુદ્ધ નાગરિક બનવું જોઈએ. તેમનાં વિચારો અને માનસ પ્રજવલિત કરવાં જોઈએ. શિક્ષણક્ષેત્રે પુનઃજાગૃતિ એક સાંસ્કૃતિક ઘટના છે. તેનું ઘડતર વાતચીત, સમાન સ્વપ્નની ભાગીદારી, વિચારોનું આદાન-પ્રદાન અને ઉજજવળ ભવિષ્યમાં વિશ્વાસ રાખવાથી થાય છે. ભારતનાં યુવાનોને એક મહાન દૃષ્ટિની જરૂર છે. એક એવી દૃષ્ટિની કે જે આ ગ્રહને 'જીવવા યોગ્ય ગ્રહ' બનાવે. તો જે તે બધા સંઘર્ષો ભૂલી જઈને શાંતિ અને સમૃદ્ધિનાં સમાન લક્ષ્યનાં તાંતણે બંધાશે. વર્તમાનમાં ભારતીય યુવાધનને એવું માનવા માટે મજબૂર કરવામાં આવ્યાં છે કે પોતાનાં ભવિષ્ય માટે તેમણે તેમનાં રાજકીય પ્રતિનિધિઓની આગેવાની અને પોતાને નોકરીએ રાખનાર મૂડીવાદીઓની સંપત્તિ પર જ આધાર રાખવો પડશે. સાહસિક વ્યવસાયિક બનવાનો રસ્તો બહુ ઓછા યુવાનો પકડે અને બહુ જ ઓછા તેના પર ટકી રહે છે. ભારતનાં યુવાનોએ સ્વતંત્ર બનવું એ આવશ્યક છે. જેમાં તેમના વિચારોની, કાર્યોની, સર્જનાત્મક અને વિકાસાત્મક દૃષ્ટિકોણની અને સ્વતંત્ર શિક્ષણ પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા જીવિત હોય. ભારતને વિકસિત કરવા માટે યુવાનોએ એક વિકસિત રાષ્ટ્રનું સ્વપ્ન સેવવું પડશે, કારણ કે, સ્વપ્ન એક સર્જનાત્મક શક્તિ છે, સ્વપ્ન એ સુતેલી શક્તિઓને જાગૃત કરે છે અને બળ, ઊર્જા તેમજ જીવનશક્તિ અર્પે છે. 'સ્વપ્નથી મગજ ઉન્નત અને રાષ્ટ્ર સમૃદ્ધ બને છે.' યુવાનોએ અમુક લાખ નહિ પરંતુ એક અબજ લોકોનાં રાષ્ટ્ર તરીકે વિચારવું અને વર્તુવું જોઈએ.

ભારતનાં યુવાનોએ એક જ્ઞાની વ્યક્તિ તરીકેની ભૂમિકા ભજવવી પડશે. પોતાના સ્વતંત્ર શિક્ષણ અને જ્ઞાનની સાથે ભારતને સમૃદ્ધ બનાવવું જોઈએ. યુવાનો એક જ્ઞાની તરીકે ચતુર હોવા જોઈએ, ચતુર વ્યક્તિઓ સાવધ હોવા જોઈએ અને સાવધ વ્યક્તિઓ એકદમ મક્કમ હોવા જોઈએ કારણ કે મક્કમતા એ સ્વતંત્રતાને સાંકળી રાખનાર મજબૂત વિચાર છે. આપણે ભારતનાં વિકાસ માટે માત્ર વર્તમાનથી જ ઘેરાયેલાં ન રહેવું જોઈએ. આપણે ભૂતકાળ પર પણ ધ્યાન આપવું જોઈએ. ઉદાહરણ શું માત્ર પચ્ચીસ ફીટ ઊંચા વૃક્ષ પર જ ધ્યાન આપવું અને તે જેમાંથી ઉગ્યું છે તે બીજને ભૂલી જવું યોગ્ય છે? શું વૃક્ષ પોતે આપણા દૃષ્ટિકોણને સ્વીકારશે? શું બીજ વિના ભવિષ્યના વૃક્ષની કલ્પના કરવી શક્ય છે? જો આપણને અર્થપૂર્ણ વર્તમાન જોઈતું હશે તો આપણે ભૂતકાળનું મૂલ્ય સ્વીકારવું જ પડશે. જેને આપણે આભારદર્શન પણ કહી શકીએ છીએ અને વાસ્તવિકતાનું મૂલ્યાંકન પણ કહી શકીએ છીએ. યુવાનોએ સમજવું પડશે કે 'આપણે આપણા અંગત અનુભવો અને પ્રબુદ્ધતા મુજબ જીવવું એટલે જ સ્વાતંત્ર્ય' યુવાનોએ પોતે પોતાનાં વિચારો, કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતા સાથે જ આગળ વધવું પડશે તો જ આપણને જે વિકસિત ભારતની ખોજ છે તે સંપૂર્ણપણે સફળ થશે. જેમ એક મકાન ઊભું કરવા માટે ઈંટોની આવશ્યકતા હોય, ત્યારે મકાન મજબૂત અને સુંદર બને છે. એવી જ રીતે એક મજબૂત, સમૃદ્ધ અને સ્વતંત્ર રાષ્ટ્રને ઊભું કરવા માટે સ્વતંત્ર અને સમૃદ્ધ યુવાનો હોવા આવશ્યક છે. યુવાનોનાં સિદ્ધાંતો સાચા હોવા જોઈએ કારણ કે સાચા સિદ્ધાંતો હોકાયંત્ર જેવા છે - તેઓ હંમેશા

કામ કરવાના સાચા માર્ગે અને સાચા નિર્ણયો તરફ વાળે છે. તેમનો સાથ હશે તો આપણે અદૃશ્ય અવાજો અને ભ્રામક મૂલ્યોથી ખોવાઈશું, મૂંઝાઈશું કે મૂર્ખ બનીશું નહિ. યુવાનોનાં મક્કમ સિદ્ધાંતોથી આપણે ગર્વપૂર્વક કહી શકીશું કે ''સમૃદ્ધ, સ્વતંત્ર યુવાનોનું સ્વતંત્ર વિકસિત ભારત''

''ભારતનું અખુટ ખજાનો,
ભારતનું યુવાધન''

---

*(અનુસંધાન પૃષ્ઠ ૩૨ થી ચાલુ)*

હવે પ્રવાસ કે પિકનિક માટે ડી.ઈ.ઓ.ની મંજૂરી લેવાની. ત્યારે શિક્ષકોએ પ્રવાસનાં આયોજનનાં કામ કરવાનાં કે મંજૂરી માટે ધક્કા ખાવાના? થોડાં વર્ષ પૂર્વે સરકારે જણાવેલું કે શાળા-કૉલેજના પ્રવાસમાં પોલીસને સાથે લઈ જવી. ત્યારે પ્રશ્ન થાય કે શિક્ષકોએ પોલીસને સાચવવાની કે બાળકોને?

અત્યારે એસ.ટી. બસ, ખાનગી બસ કે રેલ્વેના પણ અકસ્માત થાય જ છે. તો સરકારે બસમાં કે રેલ્વેમાં મુસાફરી માટે મંજૂરી લેવાના નિયમો નથી કર્યા એ બાબતે આભાર. અને ડી.ઈ.ઓ.ની મંજૂરી લીધા પછી અકસ્માત નહીં થાય તેની સો ટકા ગેરંટી છે? અને જો અકસ્માત થાય તો મંજૂરી આપનાર ડી.ઈ.ઓ.ને જવાબદાર ગણી શકાય? પ્રવાસમાં રાત્રી મુસાફરી નહીં કરવાની એવો નિયમ પણ બનાવ્યો છે, ત્યારે વિચારવાનું થાય કે અત્યારે રાત્રે બસ, રેલ્વે અને વિમાનો ચાલે છે. શું ત્યાં રાત્રે અકસ્માત નથી થતા? છતાં કેમ ચાલે છે? રાત્રિની મુસાફરી આર્થિક અને સમય બંનેની બચત કરે છે.

સરકારે દુઃખતા અંગની દવા કરવાને બદલે જે તે અંગ જ કાપી નાખવાનું નક્કી કર્યું. પ્રવાસમાં પરમિશન અને પોલીસ લાવી દીધાં! એકાદ-બે ખરાબ બનાવોને કારણે પ્રવાસ બંધ થાય તેવા નિયમો બનાવવા કેટલા અંશે યોગ્ય છે?

નિયમો કામને સરળ બનાવવા માટે હોય, નહીં કે કામ જ ન થાય. પ્રવાસ બંધ થવાથી તેની શૈક્ષણિક અસરો કેવી થશે તે વિચારવું જોઈએ? સ્કૂટર ચલાવવાથી અકસ્માત થવાની સંભાવના છે જ. છતાં લોકો બસનો ઉપયોગ કરવાને બદલે સ્કૂટર ચલાવે છે, કારણ કે તે જરૂરિયાતનો એક ભાગ છે. તેમ શૈક્ષણિક પ્રવાસો એ પણ શિક્ષણનો એક ભાગ ગણી શકાય. પ્રવાસ નહીં થાય તો જેટલો ફાયદો થાય છે એના કરતાં પ્રવાસ નહીં થવાથી નુકસાન વધારે થશે.

**અશોકી :** શિક્ષક એ શિક્ષક છે, તે ક્યારેય કોઈ વિદ્યાર્થીનું અહિત કરી ના શકે.

---

*(અનુસંધાન પૃષ્ઠ ૩૪ થી ચાલુ)*

વિદ્યાર્થી દોસ્તો!! ક્રિકેટરૂપી અભ્યાસમાં જો ધારી સફળતા પ્રાપ્ત કરવી હોય તો અનેક પ્રકારના સ્કોરિંગ સ્વરૂપે કુશળતાઓ પ્રાપ્ત કરવી પડશે. આઉટ થવાની શક્યતા પૈકી ઘણી નિર્બળતાઓ ઓળખી બચવું પડશે. સાવધાન કે સતર્ક બની ચારેય કૌશલ્યમાં નિપુણતા પ્રાપ્ત જો કરશો, તો સારી સફળતા (જીત) તમારી રાહ જોઈને ઊભી છે અને તમને ઉત્તમ ઈનામ આપનાર અધિકારીઓ, સ્વજનો તમારી રાહ જોઈને બેઠા છે માટે જો શિક્ષણરૂપી ક્રિકેટને સમજશો અને મન લગાવીને અભ્યાસ કરશો તો તમને શિક્ષણના માસ્ટર-બ્લાસ્ટર સચિન તેંડૂલકર બનતા કોઈ રોકી શકશે નહીં.

# સંસ્થા સમાચાર









**MGUA માધ્યમ ગુજરાતી ઉત્તમ અંગ્રેજી**

આજના યુગમાં શિક્ષણ ખૂબ જરૂરી છે. દરેક વ્યક્તિ ઈચ્છે છે કે મારું બાળક અંગ્રેજી માધ્યમમાં ભણે. ઉચ્ચ અભ્યાસ માટે અંગ્રેજી માધ્યમ જરૂરી છે પરંતુ નાનું બાળક શરૂઆતનું શિક્ષણ પોતાની માતૃભાષામાં જ મેળવે તો તે સરળતાથી સમજીને આગળ વધી શકે. પરંતુ અંગ્રેજી માધ્યમની ઘેલછાને લીધે માતા-પિતા બાળકને અંગ્રેજી માધ્યમમાં ભણાવે છે. પરિણામે ક્યારેક બાળકના અભ્યાસને પૂરતો ન્યાય મળતો નથી. હાલની વ્યવસ્થામાં અંગ્રેજીનું મહત્તવ છે અને તેનો વ્યાપ પણ વધતો જાય છે, માટે અંગ્રેજી જરૂરી છે. સાથે સાથે માતૃભાષા દ્વારા શિક્ષણ વધુ સરળ અને અસરકારક હોવાથી માતૃભાષાના માધ્યમ દ્વારા જ શિક્ષણ મળે તે એટલું જ જરૂરી છે. આ વિચારને ધ્યાનમાં રાખી નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ''માધ્યમ ગુજરાતી ઉત્તમ અંગ્રેજી''નો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવાની વિચારણા બાદ ગત વર્ષ ૨૦૨૨-૨૩થી શરૂઆત કરવામાં આવી. તેની શરૂઆત શ્રેણી-૬ના વિદ્યાર્થીમિત્રો દ્વારા કરવાની હતી. સરસ્વતી વિદ્યામંડળ દ્વારા આપણી સંસ્થાના પ્રાથમિક વિભાગના શ્રેણી-૬ના બાળકો દ્વારા આ પ્રોજેક્ટની સહર્ષ શરૂઆત કરવામાં આવી.

આ પ્રોજેક્ટ પાયલોટ પ્રોજેક્ટ છે. તેમાં

ગુજરાતની લગભગ ૩૮ શાળાઓ જોડાયેલ છે. તેમાં આપણી શાળા સરસ્વતી કુમારશાળા નં.૧ના શ્રેણી-૬ના ૬૦ વિદ્યાર્થી મિત્રો અને શાંતિકુમાર કોઠારી વિદ્યાલયના શ્રેણી-૬ના ૪૦ વિદ્યાર્થીમિત્રોને આ પ્રોજેક્ટ દ્વારા અંગ્રેજી શીખવવામાં આવી રહ્યું છે. ગત વર્ષે ૨૦૨૨-૨૩માં શ્રેણી-૬ના વિદ્યાર્થીમિત્રો દ્વારા પાયલોટ પ્રોજેક્ટ ૧ સપ્ટેમ્બર ૨૦૨૨થી શરૂ કરેલ છે. તેમાં ટ્રસ્ટ દ્વારા દરેક બાળકને પુસ્તક આપેલ છે. શિક્ષક મિત્રોને પણ 'ટીચર હેન્ડ બુક' આપેલ છે. તેના અભ્યાસક્રમમાં Listening, Speaking, Reading અને Writing નો સમાવેશ કરેલ છે. તેના ૧૦ યુનિટ છે. ૪ યુનિટ Listening, ૪ યુનિટ Speaking, ૨ યુનિટ Reading અને ૨ યુનિટ Writingના છે.

આ વર્ષે ૨૦૨૩-૨૪માં આ પ્રોજેક્ટની શરૂઆત ૨ નવેમ્બર ૨૦૨૩થી શરૂ કરવામાં આવી હતી. તેમાં સામેલ શિક્ષકોને પણ તાલીમ આપવા માટે આ પ્રોજેક્ટ દ્વારા અવારનવાર ટ્રેનિંગ તેમજ ઝૂમ મિટિંગનું આયોજન કરવામાં આવે છે. શાળા તેમજ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રોત્સાહન મળે તે હેતુસર MGUA કમિટી દ્વારા શ્રી ભાવિનભાઈને visitor તરીકે મોકલવામાં આવે છે. જે અવારનવાર આ પ્રોજેક્ટના વર્ગોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓની હાજરી, નિયમિતતા, તેમની રસરુચિ તેમજ સુધારણા અને શિક્ષકોની ટીચિંગ મેથડ વગેરે નિહાળી સમગ્ર મૂલ્યાંકન કરે છે. વળી, તેમાં જરૂર હોય તો સુધારા વધારા કરવાની તેમજ સારા દેખાવ માટે પ્રોત્સાહતિ પણ કરે છે.

તા.૯-૧-૨૦૨૪ મંગળવારે નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટના આશરે ૧૦ ટ્રસ્ટીશ્રીઓએ આપણી સંસ્થાની અને આપણા MGUA ના વર્ગની મુલાકાત લીધી હતી. તેમાં શ્રી પ્રફુલભાઈ અનુભાઈ, શ્રી શૈલેષભાઈ પારેખ, શ્રી મિથુનભાઈ ખાંડવાલા, શ્રી ભરતભાઈ મેવાડિયા, શ્રી યતીનભાઈ માવાણી જેવા મહાનુભાવોએ હાજરી આપી હતી. તથા આપણા ટ્રસ્ટી શ્રી જ્યોતિન્દ્રભાઈ દવે તથા સંસ્થાના વ્યવસ્થાપક શ્રી કલ્પેશભાઈ પટેલે પણ હાજરી આપી હતી. આ સાથે ૧ કલાકના સમગ્ર પિરિયડનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

નિરીક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓની નિયમિતતા, હાજરી, અંગ્રેજી ભાષા શીખવાની તેમની ધગશ, ઉત્સાહ અને આનંદની તેમણે નોંધ લીધી હતી. સંપૂર્ણ શિસ્ત સાથે ઉત્સાહથી અંગ્રેજી શીખતા બાળકોને જોઈને તેમને ખૂબ આનંદ થયો હતો. આમ, આ પ્રોજેક્ટ દ્વારા તેમજ નવીન પદ્ધતિ દ્વારા અંગ્રેજી ભાષા શીખી રહેલા બાળકોની ધગશ વધારવા આપણા આચાર્યશ્રી ભાવનાબેન ત્રિવેદીના માર્ગદર્શન અને શિક્ષક મિત્રો શ્રી દિપ્તીબેને ક્રિશ્ચિયન અને પ્રશાંતભાઈ પંચાલ દ્વારા બાળકોને સુંદર રીતે તાલીમ આપવામાં આવી રહી છે. તે પ્રત્યક્ષ નિહાળીને પ્રોજેક્ટના ટ્રસ્ટીશ્રીઓ, સહાયકો તથા અમારી સંસ્થાના મંત્રીશ્રી જ્યોતિન્દ્રભાઈ દવેએ ખૂબ આનંદની લાગણી અનુભવી હતી અને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું.

આ પ્રોજેક્ટની સહભાગી સફળ અને ઉપયોગી રહી હતી.

પ્રશાંતભાઈ પંચાલ
દિપ્તીબેન

# શિક્ષણ સમાચાર

અશોકભાઈ સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ગુજરાતના બજેટમાં શિક્ષણ :**

ગુજરાત રાજય દ્વારા જાહેર કરવામાં આવેલા બજેટમાં શિક્ષણ માટે નીચે મુજબની રકમની ફાળવણી કરવામાં આવી છે.

- સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ભણતી દીકરીઓ માટે રૂા. ૧૨૫૦ કરોડ.
- ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૨૫૦ કરોડ.
- વિદ્યાર્થીઓને પૂરક પોષણ અને પૌષ્ટિક ભોજન આપવા રૂપિયા ૧૪૦૦ કરોડ
- મેડીકલમાં અભ્યાસ કરતી ૪૫૦૦ વિદ્યાર્થિનીઓને સહાય આપવા રૂપિયા ૧૬૦ કરોડ.
- રાજ્યની સ્ટેટ યુનિવર્સિટીઓમાં વિવિધ માળખાકીય સુવિધાઓના વિકાસ માટે રૂા. ૧૦૧ કરોડ
- પીએચ.ડી. કોર્સમાં સંશોધન કરતા વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના સંશોધન કરવા માટે બે હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા રૂપિયા ૪૦ કરોડ.

**ગુજરાતમાં ૧૬૦૬ પ્રાથમિક શાળામાં એકજ શિક્ષક :**

ગુજરાત રાજ્યમાં ૧૬૦૬ પ્રાથમિક સરકારી શાળાઓ એવી છે જેમાં નામ પૂરતો એક જ શિક્ષક છે. એક શિક્ષક હોય તેવી સૌથી વધુ પ્રાથમિક શાળાઓ છોટા ઉદેપુરમાં છે. આમ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓની હાલત બદતર થઈ રહી છે. નીચેના આંકડાઓ તેની વધુ સાક્ષી પૂરેછે.

એક શિક્ષક હોય તેવી સરકારી પ્રાથમિક શાળાઓ

| જિલ્લો | શાળાની સંખ્યા |
|---|---|
| છોટા ઉદેપુર | ૨૮૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૦૪ |
| ભરૂચ | ૧૦૨ |
| બનાસકાંઠા | ૮૭ |
| બોટાદ | ૨૯ |
| ભાવનગર | ૨૯ |
| દાહોદ | ૨૦ |
| અરવલ્લી | ૧૯ |
| અમદાવાદ | ૧૭ |
| આણંદ | ૧૬ |
| ડાંગ | ૧૦ |
| ગાંધીનગર | ૦૮ |

**ખાનગી યુનિવર્સિટી શરૂ કરવામાં ગુજરાત પ્રથમ પણ સરકારી કૉલેજોમાં ૧૦માં ક્રમે :**

કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ઓલ

ઈન્ડિયા સર્વે ઓફ હાયર એજ્યુકેશનનો ૨૦૨૧-૨૨નો રિપોર્ટ જાહેર થયો છે. જે મુજબ ગુજરાતમાં પીએચ.ડી. સુધીના ઉચ્ચ શિક્ષણમાં ૧૭.૯૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. એનરોલમેન્ટ રેશિયો ૨૨.૨-થી વધીને ૨૪ થયો છે. પરંતુ રેશિયામાં ગુજરાત હજી પણ ૨૩ રાજ્યોથી પાછળ છે. જ્યારે ખાનગી યુનિવર્સિટીની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાત દેશમાં પ્રથમ છે. પરંતુ સરકારી કૉલેજોની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાત દેશમાં ૧૦મા નંબરે છે.

**સરકારી કૉલેજોમાં ગુજરાત**

| રાજ્ય | સરકારી | કુલ |
|---|---|---|
| ઉત્તર પ્રદેશ | ૮૨૨ | ૭૧૮૨ |
| રાજસ્થાન | ૭૯૮ | ૩૫૨૧ |
| મધ્યપ્રદેશ | ૭૭૩ | ૨૪૬૪ |
| કર્ણાટક | ૭૦૪ | ૪૨૮૩ |
| મહારાષ્ટ્ર | ૫૪૨ | ૪૬૮૫ |
| બિહાર | ૫૪૦ | ૧૦૭૨ |
| પશ્ચિમ બંગાળ | ૫૦૦ | ૧૫૧૦ |
| આસામ | ૪૪૪ | ૫૫૩ |
| છત્તીસગઢ | ૪૨૨ | ૮૯૫ |
| ગુજરાત | ૪૨૦ | ૨૩૯૫ |

**શિક્ષણના ઉત્કર્ષ માટેની જોગવાઈ :**

- પી.એમ. યશસ્વી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધોરણ ૯, ૧૦ અને પોસ્ટ મેટ્રિકના અંદાજે દસ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે ૫૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- જ્યારે ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે રૂપિયા ૩૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- બિન અનામત વર્ગો માટે વિવિધ શૈક્ષણિક ધિરાણ અને સહાયની યોજનાઓ માટે ૬૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

**પારિતોષિક એનાયત**

બાળ સાહિત્ય અકાદમી અમદાવાદ અને ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે બાળ સાહિત્ય અકાદમીનું ૨૩મું અધિવેશન ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે ડૉ. હર્ષદભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યું. જેમાં બાળ સાહિત્યમાં વિવિધ પ્રકારની આઠ કેટેગરીમાં વિજેતા બાળ સાહિત્યકારોને શિલ્ડ, પ્રમાણપત્ર અને રોકડ ધનરાશિથી પુરસ્કૃત કરવામાં આવ્યા. જે પૈકી હેતલ મહેતાને તેમની બાળ લઘુનવલ ''અમારે મોન્ટી જેવા થવું છે.'' અને ડૉ. ઈશ્વર પરમાર પ્રથમ પુસ્તક પુરસ્કાર, તેમજ કુસુમબેન ભૂપેન્દ્રભાઈ દવે લેખિકા પુરસ્કાર એમ એક સાથે બે પારિતોષિક અર્પણ કરવામાં આવ્યા.

ટૂંકાવીને...

- ઈન્ટિગ્રેટેડ B.A. B.Ed. અને B.Sc. B.Ed. કોર્સ વર્ષ ૨૦૨૫-૨૬થી બંધ કરવામાં આવશે.
- JEE મેઈન : ફીમેલ ટોપર ગુજરાતમાંથી રાજકોટનો વિદ્યાર્થી સ્ટેટ ટોપર બન્યો.
- PG NEET પરીક્ષા ફીમાં ૧૮ થી ૨૨ ટકાનો ઘટાડો. ઉમેદવારોને રાહત
- ગુજરાત યુનિવર્સિટીમાં ફોરેન લેન્ગવેજ માટે સ્પેશિયલ ડિપાર્ટમેન્ટ શરૂ થશે.
- છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતી બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષામાં ૧૩૨૧૧ વિદ્યાર્થી ઓછા નોંધાયા. આ વર્ષે અમદાવાદ શહેરમાંથી ૪૪૮૪૧ અને ગ્રામ્યમાંથી ૩૬૪૨૪ વિદ્યાર્થી પરીક્ષા આપશે.

**બાલ વિભાગમાં બાળકોના રાત્રી રોકાણનો કાર્યક્રમ અને સરસ્વતી પૂજન કાર્યક્રમની બોલતી તસવીરો...**
**આચાર્ય શ્રી જશુબેન અને સૌ શિક્ષક મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન**






**અસારવા વિદ્યાલયમાં યોગ શિબિરનું આયોજન થયું. કેમ્પસ ડાયરેક્ટર શ્રી દિલીપસિંહ, આચાર્ય શ્રી તૃપ્તિબેન, સૌ શિક્ષક મિત્રો અને વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન**







**ઘરશાળા**
એપ્રિલ-૨૦૨૪

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-

# થાકે ન થાકે હો માનવી!

થાકે ન થાકે છતાં યે
હો માનવી ! ન લેજે વિસામો !
ને ઝૂઝજે એકલે બાંયે
હો માનવી ! ન લેજે વિસામો !
તારે ઉલ્લંઘવાના મારગ ભુલામણા,
હો માનવી ! ન લેજે વિસામો !
હિંમત ન હારજે તું ક્યાંયે,
હો માનવી ! ન લેજે વિસામો !
જીવન ને પં થ જતાં તાપ થાક લાગશે
વધતી વિટમ્બણા સહતાં તું થાકશે.
સહસતા સં કટ એ બધાં યે
હો માનવી ! ન લેજે વિસામો !
જાજે વટાવી તું આફતનો ટેકરો,
આગે આગે હશે વણખેડ્યા ખેતરો,
ખંતે ખેડે એ બધાંયે
હો માનવી! ન લેજે વિસામો !
ઝાંખા જગતમાં એકલો પ્રકાશજે.
આવે અં ધાર તેને એકલો વિદારજે
છોને આ આયખું હણાયે
હો માનવી! ન લેજે વિસામો !
લેજે વિસામો ન ક્યાં યે હો માનવી, દેજે વિસામો !
તારી હૈયા-વરખડીને છાંયે હો માનવી ! દેજે વિસામો !

- વેણીભાઈ પુરોહિત

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું